Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વાચન અને લેખન

પુસ્તક ૧

કર્તા

રણછોડજી હયાળજી દેસાઈ, એમ. એ., બી. ટી.

જયંતિલાલ ઉત્તમરામ મહેતા, બી. એ., બી. ટી.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

ફરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,

નાણાવટ, સૂરત.

2 ५ ग १
१ ३ ८ ८
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ओ३म् ॐ

पुस्तक-सं ख्या.....2.2.07

पंजिका-सं ख्या.....2.2.07

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંગડી

ગુજરાતી વ્યાકરણ અને લેખન

પુસ્તક ૧લું

પુસ્તકાલય
સ્થાક પ્રમાણીકરણ ૧૧૮૪-૧૧૮૫ કાંગડી

કર્તા
રણછોડજી દયાળજી દેસાઈ,
એમ. એ., બી. ટી.
જયંતિલાલ ઉત્તમરામ મહેતા,
બી. એ., બી. ટી.

પ્રકટકર્તા
કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,
નાણાવટ, સૂરત.
૧૯૪૬
કિંમત ચાર આના

CHECKED 1973

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ: ૧૯૩૯
ફરી છાપી: ૧૯૪૧

સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

Printed by Jashvantsinh Gulabsinh Thakore, at the 'Surat City' Printing Press, Near Chauta Bridge, Surat and Published by Navanitlala Balubhai of Messrs Karsondas Narandas & Sons Nanavat, Surat.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

આમુખ

—o—

'વ્યાકરણ અને લેખન'નું પહેલું પુસ્તક જોઈ ગયો. શિક્ષણકળાના સર્વમાન્ય સિદ્ધાન્તોને અનુસરીને આ ચોપડી લખેલી છે. ખાસ કરીને ઉદાહરણો ઉપરથી સામાન્ય નિયમ તારવવાની પદ્ધતિ અહીં સ્વીકારેલી હોવાથી બાળકો માટે વ્યાકરણ જેવો વિષય સહેલો થયો છે. ચિત્રો તો પાઠ્ય પુસ્તકોમાં, માસિકોમાં અને બહુબહુ તો કોષ-ગ્રંથોમાં જ વપરાય, એ જનતની માન્યતા તોડી કર્તાઓએ વ્યાકરણ ગ્રંથમાં પણ તેમનો ઉપયોગ કર્યો છે. તેમાંએ કામ પુરતી આકૃતિ દોરવાની પદ્ધતિ અભિનન્દનીય છે.

શિક્ષણકળાને વ્યક્ત કરતી આવી ચોપડીઓ વિદ્યાર્થીઓને માટે અમુક અંશે શિક્ષકોની ગરજ સારે છે. પણ આવી ચોપડીઓનો વિશેષ ઉપયોગ શિક્ષકો માટે છે. જો સામાન્ય શિક્ષકો આવી ચોપડીઓ ધ્યાનપૂર્વક વાંચે, એની અંદર રહેલી શિક્ષણકળાની ખૂબીઓ પારખી લે, તો વિષય સહેલો કરવો એટલે શું, એનો તેમને ખ્યાલ આવશે.

કર્તાઓએ પહેલા પુસ્તકમાં જરૂર કરતાં વધારે વ્યાકરણ ઠાલવ્યું નથી એટલા માટે તેઓ અભિનન્દનને પાત્ર છે. બધી રીતે આ ચોપડી વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને ઉપયોગી થઈ છે.

મહિલાશ્રમ,
વર્ધા,
૨-૯-૩૯

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

બાળકો સહેલાઈથી વ્યાકરણ જેવો શાસ્ત્રીય વિષય સમજી શકે એ હેતુ ધ્યાનમાં રાખીને **વ્યાકરણ અને લેખન** નામની આ પુસ્તકમાળા અમે યોજી છે. વ્યાકરણના સિદ્ધાંતોનું સ્પષ્ટ જ્ઞાન આપવાનું અનેક રીતે મુશ્કેલ હોય છે, તેથી વ્યાકરણનો વિષય વિદ્યાર્થી અને શિક્ષક બન્નેને નીરસ અને સુક્કો લાગે છે. પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં વ્યાકરણ રસપૂર્વક વિદ્યાર્થીઓ શીખે તેને માટે શિક્ષણશાસ્ત્ર અને બાલમાનસના સિદ્ધાંતોને અનુસરી વ્યાકરણની એક પુસ્તકમાળા યોજવાની જરૂર અમને લાગ્યા કરતી હતી. આ પુસ્તકની રચના જે ઢબે કરવામાં આવી છે તે ઉપરથી સમજાશે કે શિક્ષણશાસ્ત્રના નીચે જણાવેલા સિદ્ધાંતોને પાયારૂપ ગણવામાં આવ્યા છે.

(૧) કોઈપણ સિદ્ધાંત કે વ્યાખ્યા પ્રથમથીજ આપવાનો નિયમ રાખ્યો નથી, પરંતુ વિશેષ ઉદાહરણો આપીને તેની મદદ વડે જે તે સિદ્ધાંત તારવી કાઢવામાં આવ્યો છે. શિક્ષણશાસ્ત્રનો ઉદાહરણ **ઉપરથી સામાન્ય નિયમ** ઉપર જવાનો જાણીતો સિદ્ધાંત અમે સ્વીકાર્યો છે. આમ કરવાથી બાળકો જ્ઞાત એટલે જાણેલી હકીકત ઉપરથી અજ્ઞાત વ્યાપ્તિ કે સામાન્ય સિદ્ધાંત ઉપર સહેલાઈથી જઈ શકે છે.

(૨) જ્યાં જ્યાં પ્રતિપાદિત કરેલી વસ્તુની રજૂઆત ચિત્ર વડે સ્પષ્ટ અને જીવંત થઈ શકે ત્યાં ત્યાં ચિત્રોની મદદ લીધી છે, અને તેની મદદથી ભાવાર્થને મૂર્તિમંત કરવાનો પ્રયત્ન કર્યો છે.

(૩) ઉપર જણાવેલી રીતે નવીન સિદ્ધાંત કે ભાવાર્થનું જ્ઞાન મેળવ્યા પછી બાળકો પાસે તે સિદ્ધાંતનો ઉપયોગ કરાવવામાં આવે તોજ તેનું જ્ઞાન દૃઢ થાય છે, અને તેઓ નવી પરિસ્થિતિમાં એનો ઉપયોગ સહેલાઈથી કરી શકે છે.

આ હેતુને ધ્યાનમાં રાખીને સિદ્ધાંતની પ્રાપ્તિ કરાવ્યા પછી તેના ઉપયોગને અર્થે કે અભિજ્ઞાનને અર્થે મનોયત્નો આપવામાં આવ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) બાળકો પાસે શરૂઆતમાં શાસ્ત્રીય ઢબની તર્કશુદ્ધ વ્યાખ્યાઓ મોઢે કરાવવાનો આગ્રહ અયોગ્ય છે એમ કેળવણીકારો માને છે. એના કરતાં બાળકો બુદ્ધિપૂર્વક કોઈપણ શાસ્ત્રીય કે તર્કપ્રધાન વિષયનાં મૂળતત્ત્વોનો ભાવાર્થ બરાબર સમજે તો આગળ ઉપર ઊંચી કક્ષાએ જતાં એ શાસ્ત્રીય વ્યાખ્યા પોતાની મેળેજ તારવી કાઢે, અગર તો આપેલી વ્યાખ્યાઓને સમજણપૂર્વક પોતાની બનાવી શકે. આવી રીતે આ પ્રથમ પુસ્તકમાં અમે વસ્તુના ભાવાર્થ ઉપર પહોંચવાના નિયમને ખાસ મહત્ત્વનો ગણ્યો છે.

વ્યાકરણ ઉપરાંત આ પુસ્તકમાળામાં કક્ષા પ્રમાણે લેખન વિભાગ પણ રાખ્યો છે, એ આ માળાનું એક વિશિષ્ટ અંગ છે. વ્યાકરણનો અભ્યાસ કરતી વખતે બાળકની બુદ્ધિ પૃથક્કરણશીલ હોય છે, અને વસ્તુનું પૃથક્કરણ કરીને તેનું દર્શન અને ગ્રહણ કરે છે. પરંતુ એ બુદ્ધિને સર્જનશીલ બનાવવી હોય તો તેની પાસે પોતાનું મૌલિક લખાણ લખાવવાનો પ્રયત્ન કરાવવો જોઈએ. એને અંગે લેખનના કક્ષા અનુસાર વિવિધ પ્રકાર થઈ શકે, અને એના અભ્યાસથી બાળકોની સ્વતંત્ર સર્જન કરવાની શક્તિ અને શૈલી સંયમપૂર્વક કેળવી શકાય.

આ પુસ્તકમાળાનો, પ્રાથમિક શાળાનાં ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણમાં અને અંગ્રેજી પહેલા, બીજા અને ત્રીજા ધોરણમાં ઉપયોગ કરી શકાશે.

વર્ગમાં ઉપયોગ કરતાં આ પુસ્તકની રચનામાં સુધારા વધારા કરવા જેવું જણાય, તો તે બદલની સૂચનાઓ શિક્ષક બંધુઓ અમને મોકલી આપે એવી અમારી એમને આગ્રહ ભરી વિનંતી છે

અમારે અહીં સહર્ષ નોંધ લેવી ઘટે છે કે પૂ. કાકાસાહેબે પુસ્તકની રચનામાં મહત્ત્વની સૂચનાઓ કરીને અને આમુખ લખી આપીને જે પ્રેરણા અને ઉત્તેજન આપ્યાં છે તે બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

છેવટે એક વાત જણાવવાની રહે છે કે શ્રી. મધુકાન્ત મહેતાએ તથા શ્રી. છબીલદાસ બલસારાએ ચિત્રો દોરી આપીને, અને અમારા મિત્ર શ્રી. ઈન્દ્રજિત મોગલે પુસ્તકના નામની આકૃતિ દોરીને પુસ્તકને સુશોભિત કરવામાં મદદ કરી છે.

નવસારી
તા. ૧૦-૯-૩૯

રણછોડજી દેસાઈ
જયંતિલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય-સૂચિ

પ્રકરણ		પાનું
૧	વાકય	૧
૨	ક્રિયાપદ અને કર્તા	૪
૩	ક્રિયાપદ અને કર્મ	૧૨
૪	નામ	૧૮
૫	સર્વનામ	૨૧
૬	વિશેષણ	૨૮
૭	ક્રિયાવિશેષણ	૩૬
૮	ઉભયાન્વયી પદ	૩૮
૯	નામયોગી પદ	૪૨
૧૦	ઉદ્‌ગારવાચક પદ	૪૪
૧૧	પદોની ઓળખ (પદચ્છેદ)	૪૭
૧૨	વાકયના વિભાગ (ઉદ્દેશ્ય-વિધેય)	૪૯
૧૩	શબ્દગુચ્છ કે શબ્દસમૂહ	૫૩
૧૪	વાકય પૃથક્કરણ (સાદું વાકય)	૫૪
૧૫	મિત્રને પત્ર	૬૫
૧૬	શબ્દ અભ્યાસ	૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

વાક્ય

અરવિંદ અને મહેશ એક હાથીને જોયા પછી આપણી આગળ તેને વિશે નીચે પ્રમાણે કહે છે :

મહેશ—૧ ટૂંકી હાથી પૂછડી. ૨ સૂપડા જેવા કાન.

અરવિંદ—૧ હાથીની પૂછડી ટૂંકી હોય છે.

૨ તેના કાન સૂપડા જેવા હોય છે.

ઉપર અરવિંદ અને મહેશ બંને **હાથી** વિશે કંઈક કહેવા માગે છે. મહેશ અને અરવિંદના કહેવામાં આપણને કોની વાત પૂરેપૂરી સમજાય છે ? આપણને અરવિંદની વાત પૂરેપૂરી સમજાય છે, પણ મહેશ શું કહેવા માગે છે તે સમજાતું નથી.

મહેશ પહેલ વહેલાં જ શબ્દો બોલે છે—**ટૂંકી હાથી પૂછડી**—તેમાંથી તો કશો અર્થ નીકળતો નથી. તેના બીજી વારના બોલેલા—**સૂપડા જેવા કાન**—એ શબ્દોથી કંઈક અર્થ સમજાય છે, પણ એ સંબંધે મહેશ પૂરેપૂરો કયો વિચાર જણાવવા માગે છે તે સમજાતું નથી.

અરવિંદના કહેવામાં આપણને શું સમજાય છે ? પહેલી વારના શબ્દો વડે **હાથીની પૂછડી ટૂંકી હોય છે** એ હકીકત પૂરેપૂરી સમજાય છે. એજ રીતે બીજી વારના શબ્દો વડે **હાથીના કાન સૂપડા જેવા હોય છે** એ હકીકત પૂરેપૂરી રીતે સમજાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે કોઈ પૂર્ણ વિચાર કે હકીકતને આપણે શબ્દોની મદદ વડે દર્શાવીએ છીએ.

શબ્દોની જે રચના કે ગોઠવણી વડે પૂર્ણ વિચાર દર્શાવી શકાય તે શબ્દરચના **વાક્ય** કહેવાય છે.

અરવિંદની શબ્દ રચનાઓ **વાક્ય** છે. મહેશની શબ્દ રચનાઓ **વાક્ય** નથી.

મનોયત્ન : ૧

નીચેની શબ્દરચનાઓમાં કઈ વાક્ય છે અને કઈ વાક્ય નથી તે કહોઃ—

૧ આકાશમાં તારાઓ ચળકે છે.
૨ રમેશ દોડતાં દોડતાં.
૩ પંખીઓ ગાય છે.
૪ સવારના પહોરમાં પંખીઓ.
૫ મારો ભાઈ બાગમાં રમે છે.
૬ મારું પુસ્તક બહુ સારું.
૭ હોળીના દિવસોમાં બાળકો.
૮ મોટર બહુ ઝડપથી દોડે છે.
૯ વિમાન આકાશમાં ઊડે છે.
૧૦ કાલે સાંજે મારે ત્યાં.
૧૧ ઈશ્વર સર્વત્ર વસે છે.
૧૨ માનો પ્રેમ નિઃસ્વાર્થ છે.
૧૩ કૂતરો વફાદાર પ્રાણી.
૧૪ રોટલો ગરીબનું ધન છે.
૧૫ પશુઓને દુઃખ આપવાનું.

મનોયત્ન : ૨

નીચે આપેલું એક એક શબ્દજૂથ વાપરી વાક્ય બનાવોઃ—
૧ સવારના પહોરમાં. ૨ ધોળી ગાય. ૩ વસંતઋતુમાં ૪ હિમાલયના શિખર ઉપર. ૫ ધોધમાર વરસાદ. ૬ લીલાં ઝાડો. ૭ રજાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસોમાં. ૮ દોડતાં દોડતાં ૯ ગરમ પાણીનું સ્નાન. ૧૦ સાચું બોલવું. ૧૧ વહેલાં ઊઠવું. ૧૨ રમતગમતનો શોખ. ૧૩ ખૂબ આવું. ૧૪ રાષ્ટ્રધ્વજનો રંગ. ૧૫ દુઃખીને મદદ.

મનોયત્ન : ૩

નીચે આપેલી દરેક શબ્દ-જોડીમાં આવેલા શબ્દો વચ્ચેનો સંબંધ બતાવે એવું વાક્ય બનાવો :—

૧ ગાય—દૂધ [ગાયનું દૂધ મીઠું હોય છે.]
૨ ઝાડ—પાંદડાં ૩ આકાશ—ભૂરો
૪ ડોસો—વાળ ૫ ચોમાસું—નદી
૬ વસંતઋતુ—ફૂલો ૭ હોળી—નગારાં
૮ દિવાળી—ફટાકડા ૯ બપોર—સૂર્ય
૧૦ શિક્ષક—વિદ્યાર્થી

મનોયત્ન : ૪

નીચેનાં પ્રાણી કે પદાર્થો વિશે વાક્ય બનાવો :—

સિંહ, વાઘ, ઘાસ, ખાંડ, ચંદ્ર, તારાઓ, હાથી, રીંછ, મદારી, છત્રી, ખુરશી, સુથાર, કાગળ, ચકલી, ચોપડી.

વાક્ય કેટલા શબ્દોનું બને ?

૧ રમેશ ફળ ખાય છે.
૨ દિનકર વાંચે છે.
૩ તમે ક્યાં ગયા હતા ?
૪ બેસી રહો.
૫ જાઓ.

ઉપરનાં વાક્યો વાંચો. દરેકનો અર્થ પૂરેપૂરો સમજાય છે ? હા, દરેક વાક્યનો અર્થ પૂરોપૂરો સમજાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે દરેક વાક્યમાં કેટલા શબ્દો આવ્યા છે તે જુઓ. તમને જણાશે કે કોઈ વાક્યમાં **ચાર**, કોઈમાં **ત્રણ**, કોઈમાં **બે** અને છેલ્લા વાક્યમાં માત્ર **એક** શબ્દ છે.

આ ઉપરથી સમજાશે કે માત્ર એક શબ્દનું પણ વાક્ય હોઈ શકે.

મનોયત્ન : ૫

કેટલાંક, એક શબ્દનાં વાક્યો બનાવો, અને કેટલાંક, એકથી વધારે શબ્દો વાપરી વાક્યો બનાવો.

પ્રકરણ ૨

ક્રિયાપદ અને કર્તા

૧ છોકરો રમે છે.
૨ ગૌરી વાંચે છે.
૩ મોર નાચે છે.

ઉપરનાં વાક્યો વાંચો અને કહો—

(૧) છોકરો શું કામ કરે છે?
(૨) ગૌરી શું કરે છે?
(૩) મોર શું કામ કરે છે?

જવાબ :—છોકરો **રમવાનું કામ** કરે છે.
ગૌરી **વાંચવાનું કામ** કરે છે.
મોર **નાચવાનું કામ** કરે છે.

આ ઉપરથી તમે જોશો કે છોકરો રમવાનું કામ એટલે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમવાની ક્રિયા કરે છે; ગૌરી **વાંચવાની ક્રિયા** કરે છે; અને મોર **નાચવાની ક્રિયા** કરે છે.

આ દરેક ક્રિયા બતાવવા ઉપરના વાક્યોમાં અમુક શબ્દો વપરાયા છે; એ શબ્દો શોધી કાઢો.

જવાબ :—રમે છે; વાંચે છે; નાચે છે.

ઉપર જણાવ્યા જેવા ક્રિયા બતાવનારા શબ્દો જ્યારે વાક્યમાં વપરાય છે, ત્યારે તે **ક્રિયાપદ** કહેવાય છે.

નોંધ :—લગભગ બધાં ક્રિયાપદો ક્રિયા બતાવે છે. ફક્ત કેટલાંક ક્રિયાપદો ક્રિયા બતાવતાં નથી, પરંતુ સ્થિતિ કે હયાતી બતાવે છે; દા. ત.—**હોય, છે,** વગેરે.

૧ કેરી મીઠી છે.
૨ ચોમાસામાં આકાશમાં વાદળાં હોય છે.

ઉપરનાં વાક્યોમાં **છે** અને **હોય છે** એ બેઉ ક્રિયાપદો છે.

કેરી મીઠી છે એટલે કેરી મીઠાશ ભરેલી **સ્થિતિમાં છે.** આ રીતે છે એ ક્રિયાપદ કેરીની મીઠાશ ભરેલી સ્થિતિનું સૂચન કરે છે.

ચોમાસામાં આકાશમાં વાદળાં **હોય છે** એટલે ચોમાસામાં આકાશમાં વાદળાંની હયાતી છે. આ રીતે **હોય છે** એ ક્રિયાપદ વાદળાંની હયાતીનું કે હોવાનું સૂચન કરે છે.

મનોયત્ન : ૬

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદો શોધો :—

૧ કૃષ્ણ દ્વારકા ગયા
૨ અમે આગગાડીનો અવાજ સાંભળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ અરવિંદ હસે છે.
૪ મારા પિતા મને બોલાવે છે.
૫ મજૂરો માથે ભાર ઉપાડે છે.
૬ પેલો છોકરો પતંગ ચગાવે છે.
૭ આ ઝાડ સુંદર છે.
૮ બાળકો તળાવમાં પથ્થર ફેંકે છે.
૯ પેલા લોકો લડે છે.
૧૦ સીતા પાણીને કકડા વતી ગાળે છે.
૧૧ મધમાખી ઓચિંતી ડંખે છે.
૧૨ રાજા ભિખારીને દાન આપે છે.
૧૩ હું સાંજે ફરવા નીકળું છું.
૧૪ મારા દાદા સવારે પ્રભુનું નામ લે છે.
૧૫ સિપાઈ રાતે ચોકી કરે છે.

મનોયત્ન : ૭

ક્રિયાપદો મૂકી વાકયો પૂરાં કરો :—
૧ વર્ષાઋતુમાં મોર—.
૨ ફેરિયાઓ સસ્તો માલ—.
૩ શિયાળામાં લોકો સગડીએ—.
૪ કોયલનો સ્વર મીઠો—.
૫ ઉનાળામાં ખૂબ તાપ—.
૬ રેલનાં પાણી ચોમાસામાં—.
૭ કમળ તળાવમાં—.
૮ મારી મા અગિયારસે ઉપવાસ—.
૯ તાપ અને વરસાદથી પાક—.
૧૦ સાચો રાજા પ્રજાનું રક્ષણ—.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ ભરવાડ ઘેટાંને—.
૧૨ બધાં ફૂલોમાં કમળ પવિત્ર ફૂલ—.
૧૩ ખેડૂત લોકો ખેતરમાં બહુ કામ—.
૧૪ સાંજે લોકો ગામના બાગમાં ફરવા—.
૧૫ મારા દાદા મને વાત—.

કર્તા

૧ પ્રતાપ રમે છે.
૨ હું જમ્યો. ખાધા
૩ વાદળ ગાજે છે.

ઉપરનાં વાક્યો વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો :

રમવાની ક્રિયા કોણ કરે છે ?—પ્રતાપ.

પ્રતાપ રમવાની ક્રિયા કરે છે એટલે પ્રતાપ **ક્રિયાનો કરનાર** છે.

જમવાની ક્રિયા કોણ કરે છે ?—હું. અહીં હું જમવાની **ક્રિયાનો કરનાર** છું.

ગાજવાની ક્રિયા કોણ કરે છે ?—વાદળ. એટલે વાદળ ગાજવાની **ક્રિયાનું કરનાર** છે.

આ ઉપરથી માલૂમ પડશે કે ક્રિયા કંઈ જાતે થતી નથી, પરંતુ દરેક ક્રિયાનો કોઈ કરનાર હોય છે.

વાક્યમાં, ક્રિયાનો કરનાર બતાવતું દરેક પદ **કર્તા** કહેવાય છે.

[ઉપરનાં વાક્યોમાં **પ્રતાપ, હું** અને **વાદળ** એ કર્તા છે.]

નોંધ : કર્તા શોધી કાઢવા માટે ક્રિયાપદની સાથે કોણ વાપરી સવાલ પૂછવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૮

નીચેનાં વાકયોમાંથી કર્તા શોધી કાઢો:—

૧ મહેન્દ્ર પંખીને ઉડાડે છે.
૨ મોહન કવિતા ગાય છે.
૩ વિમળશાએ, બ્રાહ્મણને ગાય આપી.
૪ ખેડૂત ખેતરમાં ધાન વાવે છે.
૫ પેલો બાળક રેતી પર લખે છે.
૬ નોકર ઘંટ વગાડે છે.
૭ સાંજે લોકો ઘરમાં દીવો સળગાવે છે.
૮ હું રોજ તળાવમાં તરું છું.
૯ મરઘી ઈંડું મૂકે છે.
૧૦ ઘરાક દુકાનમાંથી માલ ખરીદે છે.
૧૧ સુથાર લાકડું વહેરે છે.
૧૨ ગાડીવાળો ગાડી હાંકે છે.
૧૩ તે કબૂતરને પંપાળે છે.
૧૪ મારી બેન મીઠું મીઠું બોલે છે.
૧૫ મારા કાકા ઊંઘે છે.

મનોયત્ન : ૯

નીચેનાં વાકયોમાં કર્તા પૂરો:—

૧—લાકડાં ફાડે છે.
૨—ગરબા ગાય છે.
૩—ફટાકડા ફોડે છે.
૪—દેવની પૂજા કરે છે.
૫—સાપને નચાવે છે.
૬—કાગળો વહેંચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭—બેં બેં કરે છે.
૮—ઘાસ ખાય છે.
૯—સાંજે અસ્ત પામે છે.
૧૦—પાઠ વાંચે છે.
૧૧—કપડાં સીવે છે.
૧૨—રૂ પીંજે છે.
૧૩—માલ વેચે છે.
૧૪—ગર્જના કરે છે.
૧૫—અક્ષરો ચરાવે છે.

નીચે આપેલાં વાક્યોમાંથી કર્તા અને ક્રિયાપદ શોધી કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે લખી શકાય.

૧ અરુણ નિશાળે જાય છે.
૨ કોયલ ગીત ગાય છે.

નં.	કર્તા	ક્રિયાપદ
૧	અરુણ	જાય છે.
૨	કોયલ	ગાય છે.

મનોયત્ન : ૧૦

મનોયત્ન ૮ માં આપેલાં વાક્યોમાંથી કર્તા તથા ક્રિયાપદ શોધી કોષ્ટકમાં લખો.

કૃદંત

(ક) ૧ પંખી ઊડે છે.
૨ હરણ દોડે છે.
૩ બાળક હસે છે.

(ખ) ૧ પંખી ઊડીને—.
૨ હરણ દોડતાં—.
૩ બાળક હસીને—.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક અને **ખ** ની દરેક શબ્દરચના વાંચો. તમે જોશો કે **ક** ની શબ્દરચનાઓ વાક્યો છે કારણકે તેનો અર્થ પૂરો સમજાય છે.

ખ ની શબ્દરચનાઓ વાક્યો નથી કારણકે તેનો અર્થ પૂરો સમજાતો નથી.

ક નાં વાક્યોમાં ઊડે છે, દોડે છે, હસે છે એ દરેક પદ ક્રિયા બતાવે છે, એટલુંજ નહિ પણ કર્તા જે ક્રિયા કરે છે તે વિશે પૂરેપૂરો અર્થ જણાવે છે.

ખ નાં વાક્યોની શબ્દરચના બરાબર વાંચો. એમાં ક્રિયા બતાવે એવા શબ્દો કયા છે ?

જવાબઃ—ઊડીને, દોડતાં, હસીને એ દરેક શબ્દ ક્રિયા બતાવે છે.

આ બધા શબ્દો કર્તા જે ક્રિયા કરે છે તે વિશે પૂરેપૂરો અર્થ જણાવે છે ?

જવાબઃ—એ શબ્દો કર્તા જે ક્રિયા કરે છે તે વિશે પૂરેપૂરો અર્થ જણાવતા નથી.

આ શબ્દો ક્રિયા બતાવે છે એટલા ઉપરથી ક્રિયાપદ જેવા લાગે છે; પણ ખરી રીતે એ ક્રિયાપદો નથી, કારણકે એ કર્તાની ક્રિયા વિશે પૂરો અર્થ દર્શાવી **વાક્ય** બનાવી શકતા નથી.

આવા શબ્દોને **કૃદંત** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદ અને કૃદંત વચ્ચેનો ફરક

મૂળ વાક્ય	કૃદંત વિના	ક્રિયાપદ વિના
પંખી ઊડીને બેઠું	પંખી.....બેઠું	પંખી ઊડીને.....
રમા દોડતાં થાકી ગઈ.	રમા.....થાકી ગઈ	રમા દોડતાં.....

પંખી ઊડીને બેઠું એ મૂળ વાક્ય બીજા ખાનામાં કૃદંત વિના લખ્યું છે અને ત્રીજા ખાનામાં ક્રિયાપદ વિના લખ્યું છે.

બીજા ખાનાનાં વાક્યનો અર્થ કૃદંત વિના પૂરો સમજાય છે. પણ ત્રીજા ખાનાનાં વાક્યનો અર્થ ક્રિયાપદ વિના અધૂરો રહે છે. આ ઉપરથી સમજાશે કે કૃદંત ક્રિયા સૂચવે છે, છતાં તે એકલું કર્તા સાથે આવીને વાક્ય બનાવી શકતું નથી; પરંતુ ક્રિયાપદ કર્તા સાથે આવી વાક્ય બનાવી શકે છે.

મનોયત્ન : ૨૧

નીચેનાં વાક્યોમાં કયાં પદો ક્રિયાપદો છે, અને કયાં પદો કૃદંત છે તે કહો :—

૧ ગિરીશ દોડીને બહાર ગયો.
૨ ખેડૂત ખેડીને ઘેર ગયો.
૩ સૂર્ય ઊગીને પ્રકાશ આપે છે.
૪ તે દોડતાં પડી ગયો.
૫ સતીશ ફરીને પાછો આવ્યો.
૬ બાળકો કપડાં પહેરીને મેળામાં ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ ખેલ જોવાને સીતા દોડી.
૮ ટપાલી ટપાલ વહેંચીને ઘેર જાય છે.
૯ હું ઘોડે બેસીને રોજ ફરવા જઉં છું.
૧૦ રમણ ચાલતાં થાકી ગયો.
૧૧ સૈનિકે બંદૂક તાકીને ફોડી.
૧૨ પૂજારી પૂજા કરીને પ્રસાદ વહેંચે છે.
૧૩ તે હસતાં હસતાં બોલ્યો.
૧૪ પ્રાર્થના કરીને મેં કામ શરૂ કર્યું.
૧૫ ઊઠ.

પ્રકરણ ૩

ક્રિયાપદ અને કર્મ



સુથાર લાકડું વહેરે છે.

ચિત્રમાં સુથાર શાની ક્રિયા કરે છે ?—**વહેરવાની ક્રિયા.**
વહેરવાની ક્રિયા કોના ઉપર થાય છે ?—**લાકડા ઉપર.**
વહેરવાની ક્રિયાની અસર શું થાય છે ?—**લાકડું કપાય છે.**
વહેરવાની ક્રિયા કોણ સહન કરે છે ?—**લાકડું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી જણાશે કે વહેરવાની ક્રિયા સુથાર કરે છે, પરંતુ એ ક્રિયા લાકડા ઉપર થાય છે અને તેથી લાકડાની સ્થિતિમાં ફેરફાર થાય છે.



ગોવિંદ પુઠ્ઠો પુલાવે છે.

ગોવિંદ કઈ ક્રિયા કરે છે?—**પુલાવવાની ક્રિયા.**

એ ક્રિયા કોના ઉપર થાય છે?—**પુઠ્ઠા ઉપર.**

પુલાવવાની ક્રિયાની અસર શું થાય છે? પુઠ્ઠો ફૂલે છે. ત્યારે, પુલાવવાની ક્રિયા કોણ સહન કરે છે? **પુઠ્ઠો,** કારણ કે એ ક્રિયાને લઈને પુઠ્ઠો નાનો મોટો થાય છે એટલેકે એનામાં ફેરફાર થાય છે.

આ ઉપરથી જણાશે કે પુલાવવાની ક્રિયા ગોવિંદ કરે છે, પરંતુ તે ક્રિયા પુઠ્ઠા પર થાય છે અને તે તેમાં ફેરફાર કરે છે.

આવી રીતે, કેટલીક ક્રિયાઓનો કરનાર કોઈ એક હોય છે, પરંતુ તે ક્રિયાની અસર કોઈ બીજાં ઉપર થાય છે.

ક્રિયાની અસર જેના ઉપર થાય તે પ્રાણી કે પદાર્થ સૂચવનારા શબ્દો **કર્મ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલા વાક્યમાં :

'ગોવિંદ' કર્તા છે.

'ફુલાવે છે' ક્રિયાપદ છે.

'ફુગ્કા' કર્મ છે.

સકર્મક ક્રિયાપદ

૧ લુહાર દેવતા સળગાવે છે.

૨ છોકરો દડો ઉછાળે છે.

૩ મોહન કેરી ખાય છે.

વાક્યો વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો :—

સળગાવવાની ક્રિયાની અસર કોના ઉપર થાય છે?—**દેવતા** ઉપર.

ઉછાળવાની ક્રિયાની અસર કોના ઉપર થાય છે?—**દડા** ઉપર.

ખાવાની ક્રિયાની અસર કોના ઉપર થાય છે?—**કેરી** ઉપર.

ત્યારે, **દેવતા, દડો** અને **કેરી** એ બધાં ક્રિયાપદનાં **કર્મો** છે.

જે ક્રિયાપદને કર્મ હોય છે તે સકર્મક ક્રિયાપદ કહેવાય છે.

(સકર્મક = કર્મવાળું)

સળગાવે છે, ઉછાળે છે અને **ખાય છે** એ બધાં **સકર્મક ક્રિયાપદો** છે.

બે કર્મવાળાં ક્રિયાપદ



ખેડૂતે બ્રાહ્મણને ગાય આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાની ક્રિયા કોણ કરે છે ?—**ખેડૂત.**

આપવાની ક્રિયા થવાથી બ્રાહ્મણને શું મળે છે?—**ગાય** મળે છે.

બ્રાહ્મણ પર આપવાની ક્રિયાની શી અસર થાય છે ?—**બ્રાહ્મણ ગાયવાળો બને છે.**

ગાય પહેલાં કોની હતી ?—**ખેડૂતની.**

આપવાની ક્રિયા થવાથી એ કોની બને છે ? **બ્રાહ્મણની.**

ગાય પર આપવાની ક્રિયાની શી અસર થાય છે ?—**ગાય ખેડૂતની મટી બ્રાહ્મણની બને છે.**

આ રીતે આપવાની ક્રિયાની અસર બે જણ ઉપર થાય છે : 'બ્રાહ્મણ' ઉપર અને 'ગાય' ઉપર, અને તેથી એ બંને **આપી** એ ક્રિયાપદનાં કર્મો છે.

આથી જણાશે કે કેટલાંક ક્રિયાપદોને **બે કર્મો** હોય છે.

મનોયત્ન : ૬૨

નીચેનાં વાક્યોમાંથી કર્મો શોધી કાઢો :—

૧ સુથાર પેટી બનાવે છે.
૨ છોકરાઓ ક્રિકેટ રમે છે.
૩ હું ફળ ખાઉં છું.
૪ રામચંદ્રે મહેશને પુસ્તક આપ્યું.
૫ તેણે ગાયને પાણી પાયું.
૬ મારી બેન શાક સમારે છે.
૭ મજૂર જમીન ખોદે છે.
૮ ગાડીવાળો ઘોડાને હાંકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ બળદો કોશ ખેંચે છે.
૧૦ રમેશ ચિત્ર દોરે છે.
૧૧ મહાદેવ દાખલો ગણે છે.
૧૨ નલિની વાજું વગાડે છે.
૧૩ માળી માળા ગૂંથી આપે છે.
૧૪ મંદિરમાં બાળકો નગારું વગાડે છે.
૧૫ જાદુગર દડાઓ ઉછાળે છે.
૧૬ રાજાએ લડવૈયાને ચાંદ આપ્યો.
૧૭ નેમચંદે ગરીબને પૈસા વહેંચ્યા.
૧૮ મેં મોહનને ચોપડી વેચી દીધી.
૧૯ ઝાડ આપણને ફળ આપે છે.
૨૦ સૂર્ય આપણને પ્રકાશ આપે છે.

અકર્મક ક્રિયાપદ

૧ રણજિત દોડે છે.
૨ હરિ ઊંઘે છે.

ઉપરનાં વાક્યો વાંચો અને કહોઃ—

ક્રિયા કોણ કરે છે?—રણજિત દોડવાની ક્રિયા કરે છે, અને હરિ ઊંઘવાની ક્રિયા કરે છે.

દોડવાની ક્રિયાનું પરિણામ શું આવે છે?—**થાકી જવું.**
એ થાકવાનું ફળ કોને ભોગવવું પડે છે?—**રણજિતને.**
એજ રીતે ઊંઘવાની ક્રિયાનું ફળ કોને મળે છે?—**હરિને.**
આ ઉપરથી જણાશે કે અહીં ક્રિયાનો કરનાર પોતે ક્રિયાનું ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગવે છે. ક્રિયા તેના સિવાય બીજા કોઈ પર અસર કરતી નથી. ક્રિયા કર્તામાંથી ઉત્પન્ન થાય છે અને કર્તામાંજ સમાય છે.

આમ, કેટલાંક ક્રિયાપદ એવાં હોય છે કે તેમને કર્મ હોતાં નથી; આવાં ક્રિયાપદો **અકર્મક** ક્રિયાપદ કહેવાય છે. [અકર્મક= કર્મ વિનાનાં]

મનોયત્ન : ૧૩

અકર્મક અને સકર્મક ક્રિયાપદો શોધોઃ—

૧ મહેન્દ્ર હસે છે.
૨ લલિતા ફૂલ સૂંઘે છે.
૩ મનુ કૂદે છે.
૪ મેં નોકરને બોલાવ્યો.
૫ પંખીઓ ઊંચે ઊડે છે.
૬ સીતા ધ્રૂજે છે.
૭ ભમરાઓ ગુંજે છે.
૮ મહેન્દ્ર સ્ટેશન પર જાય છે.
૯ હું ખૂબ ચાલ્યો.
૧૦ ચંદ્ર રાતે અજવાળું આપે છે.
૧૧ ઘોડો ભડકે છે.
૧૨ વાંદરાઓ ફળ ખાય છે.
૧૩ લુહાર ધમણ ચલાવે છે.
૧૪ પેલો છોકરો નાસે છે.
૧૫ પાસેનું બારણું બંધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪

નામ



ઉપરના ચિત્રમાં કઈ વસ્તુઓ અને કયાં પ્રાણીઓ છે તે કહો :—

કમળ, ચોપડી, ફૂજો, મરઘી, કૂતરો.

આપણે પ્રાણીઓ અને વસ્તુઓને નામ આપીને ઓળખીએ છીએ. એવા નામ બતાવનારા શબ્દોને વ્યાકરણમાં **નામ** કહે છે.

મનોયત્ન : ૧૪

(**क**) જંગલમાં રહેનારાં પ્રાણીઓનાં નામ આપો.
(**ख**) થોડાંક પંખીઓનાં નામ આપો.
(**ग**) ખેડૂત, સુથાર તથા લુહારનાં ઓજારનાં નામ આપો.
(**घ**) તમારા ઓરડામાંની વસ્તુઓનાં નામ આપો.
(**च**) તમે મેળામાં જોઈ હોય એવી વસ્તુઓનાં નામ આપો.
(**छ**) તમારા મિત્રોનાં નામ આપો.
(**ज**) દેશ તેમજ શહેરનાં થોડાં નામ આપો.

ગુણનાં નામ

૧ પાણીમાં લાકડું તરે છે. ૨ આ કેરીમાં મીઠાશ છે.

પહેલું વાક્ય વાંચો અને તેમાં કયા કયા શબ્દો નામ છે તે કહો :—**પાણી** અને **લાકડું.**

એ બન્ને વસ્તુઓ એક જ છે કે જુદી જુદી ?—**જુદી જુદી છે.**

તમે એ બંનેને જુદી પાડી બતાવી શકો ?—**હા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું વાક્ય વાંચો અને કેરીમાં શું છે તે કહો :—**મીઠાશ.**

એ **મીઠાશને** તમે જુદી પાડી બતાવી શકો ખરા ?—**ના,** કારણકે મીઠાશ એ કેરીમાં રહેલા મીઠાપણાના ગુણનું નામ છે. એ ગુણને કેરીથી જુદો પાડી શકાય એમ નથી, પરંતુ તેને જીભવડે જાણી શકાય ખરો.

ત્યારે, મીઠાશ એ કેરીનો એક પ્રકારનો **ગુણ** છે. એ ગુણને આપણે **મીઠાશ** એવું નામ આપ્યું છે.

એ જ રીતે જુદી જુદી વસ્તુઓ અને જુદાં જુદાં પ્રાણીઓમાં જે ગુણો રહેલા છે તે નીચે આપ્યા છે; તેનો અભ્યાસ કરોઃ—

મીઠી કેરીમાં—મીઠાશ
ખાટી આમલીમાં—ખટાશ
સાચા છોકરામાં—સચ્ચાઈ, સાચાપણું
ભલા માણસમાં—ભલાઈ, ભલાપણું
પહોળા ઓરડામાં—પહોળાઈ
ઠંડા પાણીમાં—ઠંડી
વાઘમાં—ક્રૂરતા

આ ગુણો આપણે મનથી કે ઇંદ્રિયોથી જાણી શકીએ ખરા.

મનોયત્ન : ૨૫

નીચે આપેલી વસ્તુ કે પ્રાણીમાં રહેલા ગુણોનાં નામ આપોઃ—

કારેલું, ખોર, લીમડાનાં પાન, આંબળું, રાઈ, કૂતરો, ગાય, સૂર્ય, શેરડી, મેથી, બાવળની છાલ, દહીં.

ક્રિયાનાં નામ

૧ ગોવિંદ પાનાં રમે છે. | ૨ રમેશ રમત રમે છે.

ગોવિંદ શું રમે છે ?—**પાનાં.**

પાનાં એ શાનું નામ છે ?—**વસ્તુનું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેશ શું રમે છે ?—**રમત.**

હવે **રમત** એ પાનાં જેવી આપણે થઈ શકે એવી વસ્તુ છે ?—ના, એ આપણે થઈ શકે એવી વસ્તુ નથી.

ત્યારે **રમત** એ નામની પાનાં જેવી કોઈ વસ્તુ નથી, પરંતુ મહેશ **રમવાની ક્રિયા** કરે છે તે ક્રિયાનું નામ **રમત** છે. આ રીતે આપણે ક્રિયાને પણ નામ આપીને ઓળખીએ છીએ.

નીચે ક્રિયા અને તેનાં નામો સામસામાં આપ્યાં છે; તેનો અભ્યાસ કરો.

ક્રિયા	નામ
વાંચવાની ક્રિયા	વાચન
હસવાની ક્રિયા	હાસ્ય, હસવાનું, હસવું
રડવાની ક્રિયા	રુદન, રડવું, રડવાનું

નીચે આપેલાં નામો પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયાનાં છે તે કહોઃ—

મનોયત્ન : ૧૬

સિંહ	આંબો	કચરાપેટી	ગણગણાટ
હાથી	ઘેટું	કડિયો	ખુરશી
લોખંડ	કબૂતર	નગારું	કડવાશ
સાંકળ	તૂરાશ	ડૂસકું	ગળપણ
ગરમી	લુચ્ચાઈ	વાત	મોહન
ઠંડી	સંગીત	તડબૂચ	શાન્તિ
વાંચવાનું	ગાયન	દરિયો	અરુણ
હાસ્ય	પ્રકાશ	મોજું	કમલા
રુદન	શેરડી	પતંગ	મહમદ
દોડાદોડ	મોસંબી	મોર	અમીના
તારાઓ	ભીનાશ	ચંબૂ	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी

પ્રકરણ ૫

સર્વનામ

૧ રામલાલે રામલાલની ચોપડી અને રામલાલનું ઘડિયાળ રામલાલના કબાટમાં મૂક્યાં.

૨ રામલાલે તેની ચોપડી અને તેનું ઘડિયાળ તેના કબાટમાં મૂક્યાં.

ઉપરનાં બંને વાક્યો વાંચો. પહેલા વાક્યનો અર્થ કાયમ રાખી બીજું વાક્ય જુદી રીતે લખ્યું છે. આ બે પૈકીની કઈ રીતે આપણે બોલીએ છીએ ?—

જવાબ:—આપણે પહેલી રીતે બોલતા નથી, પણ બીજી રીતે જ બોલીએ છીએ.

આપણે પહેલી રીતે બોલવું પસંદ કરતા નથી, કારણ કે એકનું એક નામ ફરી ફરી વાક્યમાં આવવાથી કાનને સારું ન લાગતાં તે કંટાળાજનક લાગે છે.

બીજા વાક્યમાં, **રામલાલ** એ નામ ફરી ફરી લખ્યું નથી, પણ તેની જગ્યાએ બીજા શબ્દો વાપર્યા છે :

રામલાલની = તેની
રામલાલનું = તેનું
રામલાલના = તેના

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે હિમાલય વિશે એવીજ રીતે બે લખાણ લખ્યાં છે:

૧ **હિમાલય** હિંદુસ્તાનની ઉત્તરે આવેલો પર્વત છે. **હિમાલય** દુનિયામાં સૌ પર્વતમાં ઊંચો છે. **હિમાલયનાં** શિખરમાં હમેશાં બરફ પડયું રહે છે. **હિમાલયમાંથી** ગંગા અને જમના જેવી મોટી નદીઓ વહે છે.

૨ હિમાલય હિંદુસ્તાનની ઉત્તરે આવેલો પર્વત છે. તે દુનિયામાં સૌ પર્વતમાં ઊંચો છે. તેનાં શિખરોમાં બરફ પડયું રહે છે. તેમાંથી ગંગા અને જમના જેવી મોટી નદી વહે છે.

હિમાલય વિશેનું પહેલું અને બીજું લખાણ સરખાવો. પહેલા લખાણમાં હિમાલય શબ્દ ઘણીવાર વપરાયો છે, તેને બદલે બીજામાં કયા કયા શબ્દો વપરાયા છે તે શોધી કાઢો.

હિમાલય = તે હિમાલયમાંથી = તેમાંથી

હિમાલયનાં = તેનાં

હિમાલય વિશેનું પહેલું અને બીજું લખાણ સરખાવતાં માલૂમ પડશે કે બીજામાં **તે, તેનાં** અને **તેમાંથી** એ શબ્દો **હિમાલયને** માટે વપરાયા છે, એટલે એ બધા શબ્દો **નામને બદલે** વપરાયા છે.

નામની જગ્યાએ જે શબ્દો આવે છે તે નામની ગરજ સારે છે. નામની જગ્યાએ આવી નામનું કામ કરતા પદને **સર્વનામ** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષવાચક સર્વનામ



ગોવિંદ—હું ડાહ્યો છું.

ગોવિંદ બોલે છે ત્યારે પોતાને માટે કયો શબ્દ વાપરે છે? હું.

મહેશ—હું હોશિયાર છું.

મહેશ બોલે છે ત્યારે પોતાને માટે કયો શબ્દ વાપરે છે? હું.

આ ઉપરથી માલૂમ પડશે કે બોલનાર એક જણ હોય તો તે પોતાને માટે 'હું' એ શબ્દ વાપરે છે.

ઉપરનાં બંને વાક્યમાં, ગોવિંદ અને મહેશ એ બંને નામ છે. એ નામની જગ્યાએ 'હું' એ શબ્દ આવે છે. આથી 'હું' એ સર્વનામ છે.



ગોવિંદ મહેશને કહે છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ—તું મારે ત્યાં આવશે ?

ગોવિંદ મહેશને માટે કયો શબ્દ વાપરે છે ?—તું.

તું એ સર્વનામ છે.

ઉપલા વાક્યમાં કોણ બોલે છે ?—**ગોવિંદ.**

કોણ સાંભળે છે ?—**મહેશ.**

બોલનારને વ્યાકરણમાં **પહેલો પુરુષ** કહે છે.

સાંભળનારને વ્યાકરણમાં **બીજો પુરુષ** કહે છે.

ત્યારે ઉપલા વાક્યમાં :

'હું' એ સર્વનામ કયા પુરુષને માટે વપરાયું છે ?—પહેલા પુરુષને માટે, તેથી એ **પહેલા પુરુષનું સર્વનામ** છે.

'તું' એ કયા પુરુષને માટે વપરાયું છે ?—બીજા પુરુષને માટે.

ત્યારે 'તું' એ કયા પુરુષનું સર્વનામ છે ?—'તું' એ **બીજા પુરુષનું સર્વનામ** છે.



અ, વ અને **ક**—અમે સાંજે મળીશું.

એક જણ બોલે છે કે એકથી વધારે ?—**એકથી વધારે.**

તેઓ પોતાને માટે કયો શબ્દ વાપરે છે ?—**અમે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે **અમે** કયા પુરુષનું સર્વનામ છે?—**પહેલા પુરુષનું.**

બોલનાર ઘણા જણ હોય ત્યારે તેઓ પોતાને માટે **અમે** શબ્દ વાપરે છે.



ગોવિંદ—તમે ઘેર આવજો.

સાંભળનાર એક છે કે એકથી વધારે?—**એકથી વધારે.**

ગોવિંદ તેમને માટે કયો શબ્દ વાપરે છે?—**તમે.**

ત્યારે **તમે** એ કયા પુરુષનું સર્વનામ છે?—**બીજા પુરુષનું.**

સાંભળનાર ઘણા જણ હોય ત્યારે તેમને માટે **તમે** શબ્દ વપરાય છે.



મહેશ ગોવિંદને કહે છે—હરિ ત્યાં બેઠો છે.
તે મારો મિત્ર છે.

મહેશ કોને વાત કરે છે?—ગોવિંદને.

કોને વિશે વાત કરે છે?—હરિ વિશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિ માટે બીજા વાક્યમાં તે કયો શબ્દ વાપરે છે?—**તે.**

ત્યારે '**તે**' એ સર્વનામ છે.

હરિ બોલનાર પણ નથી અને સાંભળનાર પણ નથી. વ્યાકરણમાં જે બોલનાર ન હોય અને સાંભળનાર પણ ન હોય, **તેને ત્રીજો પુરુષ** કહે છે.

ત્યારે, **તે** એ સર્વનામ કયા પુરુષનું કહેવાય?—**ત્રીજા પુરુષનું સર્વનામ.**

ત્રીજો પુરુષ એક જણ હોય ત્યારે તેને માટે **તે** શબ્દ વપરાય છે.



મહેશ કહે છે—પેલા ત્રણ છોકરાઓ છે. **તેઓ** જાય છે.

તેઓ એ છોકરાઓ માટે વપરાયું છે. તેથી એ સર્વનામ છે. ત્રીજા પુરુષના ઘણા જણ હોય ત્યારે તેમને માટે **તેઓ** શબ્દ વપરાય છે.

પુરુષવાચક સર્વનામો

	એકમાટે	બહુમાટે
પહેલો પુરુષ સર્વનામ—	હું,	અમે
બીજો પુરુષ સર્વનામ—	તું,	તમે
ત્રીજો પુરુષ સર્વનામ—	તે,	તેઓ

આ બધાં સર્વનામો **પુરુષવાચક સર્વનામ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નાર્થ સર્વનામ

૧ ઓરડામાં **કોણ** ફરે છે?

૨ તમે **શું** ફેંકી દીધું?

૩ તમે જે પુસ્તકની વાત કરો છો તે **કયું** છે?

કોણ એ કોઈ માણસને માટે વપરાયું છે, એટલે એ સર્વનામ છે. એ સર્વનામ સવાલ કે પ્રશ્ન પૂછવાના કામમાં આવે છે.

એ જ પ્રમાણે **શું** એ કોઈ વસ્તુને માટે વપરાયું છે, એટલે એ પણ સર્વનામ છે. એ પ્રશ્ન પૂછવાના કામમાં આવે છે.

કયું એ સર્વનામ પણ પ્રશ્ન પૂછવાના ઉપયોગમાં આવે છે.

આ બધાં સર્વનામો પ્રશ્ન પૂછવાના અર્થમાં વપરાતાં હોવાથી એ **પ્રશ્નાર્થ સર્વનામ** કહેવાય છે.



(૧) આ શું છે?

— **આ** કૂતરો છે.



(૨) પેલું શું છે?

—**પેલું** ઘર છે.

ઉપરના પહેલા પ્રશ્નમાં કૂતરા માટે કયો શબ્દ વપરાયો છે? **આ.**

બીજા વાક્યમાં ઘર માટે કયો શબ્દ વપરાયો છે? **પેલું.**

ત્યારે **આ** અને **પેલું** એ સર્વનામો છે. પાસેના કૂતરા માટે કયું સર્વનામ વપરાયું છે? **આ.**

દૂરના ઘર માટે કયું સર્વનામ વપરાયું છે? **પેલું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર વપરાયેલાં સર્વનામો કોઈ વસ્તુને આંગળીથી બતાવવા કે દર્શાવવા તે વસ્તુ માટે વપરાય છે, તેથી તે **દર્શક સર્વનામ** કહેવાય છે.

મનોયત્ન : ૧૬ (અ)

નીચેનાં વાક્યોમાં કઈ જાતનાં સર્વનામ વપરાયાં છે તે કહો :

૧ આ કોની ટોપી છે ?
૨ કાલે ત્યાં કોણ આવ્યું હતું ?
૩ તમે મને કાલે અહીં મળજો.
૪ તમારે શું જોઈએ છે ?
૫ હું પેલાને બોલાવી લાવું.
૬ તમારે ચોપડી જોઈએ છે ? કઈ આપું ?
૭ ત્યાં ચાર છોકરા છે; તેઓમાં કયો સૌથી નાનો છે ?
૮ તમારે શેની જરૂર છે ?
૯ મને આની જરૂર નથી.
૧૦ પેલું ત્યાં કોણ ઊભું છે ?

પ્રકરણ ૬

વિશેષણ

એક ઊડતા ધોળા પંખીનું ચિત્ર બતાવી અરવિંદ છોકરાઓને કહે છે :

પેલું નાનું અને ધોળું પંખી ઊડે છે.

એ વાક્ય વાંચો અને કહો :

પંખી રંગે કેવું છે ? **જવાબ—ધોળું.**

એ પંખી કદમાં કેવું છે ? **જવાબ—નાનું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં તમને કયા શબ્દો વડે પંખી વિશે વધારે હકીકત મળે છે?—**નાનું** અને **ધોળું** એ બે શબ્દોની મદદ વડે પંખી કદમાં અને રંગે કેવું છે, તે આપણને માલૂમ પડે છે.

ત્યારે, ઉપરના **ધોળું** અને **નાનું** એ બે શબ્દોએ કોના અર્થમાં વધારો કર્યો? પંખી એ નામના અર્થમાં વધારો કર્યો.

(૧) પેલા ઓરડામાં **લાલ** ટેબલ પડેલું છે.

આ વાક્યમાં કયો શબ્દ ટેબલ એ નામનું વર્ણન કરે છે? **લાલ.**

(૨) **સાચા** માણસનો ભરોસો થાય છે.

કયો શબ્દ માણસ એ નામના ગુણનું વર્ણન કરે છે? **સાચા** એ શબ્દ.

આ ઉપરથી જોઈ શકશો કે કેટલાક શબ્દો નામના અર્થમાં વધારો કરવા માટે વપરાય છે.

આવા શબ્દોને **વિશેષણ** કહે છે.

જે શબ્દ પ્રાણી કે પદાર્થના ગુણનું વર્ણન કરીને નામના અર્થમાં વધારો કરે તે **વિશેષણ** કહેવાય છે.

૧ પેલા ઓરડામાં લાલ **ટેબલ** પડેલું છે.

૨ સાચા **માણસનો** ભરોસો થાય છે.

જે નામના અર્થમાં વિશેષણ વધારો કરે છે તે નામ **વિશેષ્ય** કહેવાય છે. ઉપરનાં વાક્યોમાં **ટેબલ** અને **માણસ (નો)** એ **વિશેષ્ય** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૭

નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધી કાઢો.

૧ રાતો ઘોડો ઈબ્રાહીમનો છે.
૨ મારી પાસે ચળકતો રૂપિયો છે.
૩ રાતું ફૂલ સારું છે.
૪ ધોળું કબૂતર ઝાડપર બેઠું છે.
૫ કાળી ગાય મેદાનમાં દોડે છે.
૬ મેં ભૂરા આકાશ તરફ જોયા કર્યું.
૭ સાધુ મોટા ઝાડ નીચે બેઠો છે.
૮ કટાયેલી ચાવી ફેંકી દો.
૯ અમે નદીમાં મોટું વહાણ જોયું.
૧૦ ઝીણી રેતી દરિયાકાંઠે મળે છે.
૧૧ વડને લાંબાં મૂળ હોય છે.
૧૨ રાતું ગુલાબ ટેબલ ઉપર પડયું છે.
૧૩ અમે મોટો પર્વત દૂરથી જોયો.
૧૪ તેઓએ બરફવાળાં શિખરો જોયાં.
૧૫ ભાંગેલી છત્રી કયાં છે ?
૧૬ રાતો કૂતરો ભસે છે.
૧૭ બૂઠી તરવારે કેમ લડાય ?
૧૮ મોંઘી વસ્તુ ખરીદશો નહિ.
૧૯ મેં તાજાં ફળો ખરીદ્યાં.
૨૦ સૌને લીલાં ઝાડો ગમે છે.

મનોયત્ન : ૧૮

ઉપલા મનોયત્નનાં વાક્યોમાંથી વિશેષ્ય શોધોઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૯

યોગ્ય વિશેષણ મૂકો :—

૧ આ—પેન્સિલ કોની છે ?
૨ પેલી—ગાય મારી છે.
૩—છોકરાઓ હમેશાં પાસ થાય છે.
૪—ફળ ખાવાં નહિ.
૫—દાનત રાખશો નહિ.
૬ મને થોડું—પાણી આપો.
૭ મારી બેન—બંગડી પહેરે છે.
૮ આ કુવામાં—પાણી છે.
૯ આપણે—દિવસે તારાઓ જોઈ શકતા નથી.
૧૦ બિલાડી—રાતે પણ જોઈ શકે છે.
૧૧ મારી ટોપી—ખાદીની બનાવેલી છે.
૧૨ મુસલમાનો—ટોપી પહેરે છે.
૧૩ —લાકડું સારી રીતે બળે છે.
૧૪ શિયાળામાં બહાર—પવન વાય છે.
૧૫ ઉનાળામાં—હવા પરસેવો કરે છે.

મનોયત્ન : ૨૦

નીચેનાં વાકયોમાં યોગ્ય વિશેષ્ય મૂકો :—

૧ મેં લાલ—ખરીદી છે.
૨ રમેશ ખાટી—ખાય છે.
૩ ઇંજિનમાંથી કાળો—નીકળે છે.
૪ ઝાંખી—માં બરાબર જોઈ શકાય નહિ.
૫ જ્વાળામુખીમાંથી ધગધગતો—નીકળે છે.
૬ હરિ પાસે ચકચક્તિ—છે.
૭ આ ખડિયામાં જાંબુડી—છે.
૮ ઉનાળામાં ખૂબ ગરમ—વાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણના પ્રકાર

૧ મને ઠંડું પાણી આપો.

૨ તે **ભલો** છોકરો છે.

ઠંડું એ વિશેષણ પાણીનો કયો ગુણ બતાવે છે ?—પાણીનો **ઠંડું હોવાનો ગુણ** બતાવે છે, અને તેના અર્થમાં વધારો કરે છે.

એજ પ્રમાણે **ભલો** એ વિશેષણ છોકરાનો **ભલાઈનો ગુણ** બતાવી તેના અર્થમાં વધારો કરે છે.

નામનો ગુણ બતાવી તેના અર્થમાં વધારો કરનાર વિશેષણ **ગુણવાચક વિશેષણ** કહેવાય છે.

૧ અમારા મહોલ્લામાં **પચીસ** ઘરો છે.

૨ ઘરમાં **ઘણાં** કે **થોડાં** માણસો છે તેની ખબર નથી.

૩ હું વર્ગમાં **પહેલો** નંબર રાખું છું.

પહેલું વાક્ય વાંચો :

કેટલાં ઘરો છે ?—**પચીસ.**

પચીસ એ શબ્દ શાની સંખ્યા બતાવે છે ?—**ઘરોની.**

ત્યારે **પચીસ** એ વિશેષણ ઘરની સંખ્યા બતાવીને તેના અર્થમાં વધારો કરે છે.

એજ પ્રમાણે બીજા વાક્યમાં, **ઘણાં** અને **થોડાં** એ વિશેષણો માણસ કેટલાં છે તે જણાવે છે. ત્રીજા વાક્યમાં, **પહેલો** એ વિશેષણ નંબર કેટલામો છે, તે જણાવી તેના અર્થમાં વધારો કરે છે.

આ બધાં વિશેષણો નામને વિશે આપણને ગણતરી કે સંખ્યા વિશેનો ખ્યાલ આપે છે. જે વિશેષણ સંખ્યા બતાવે તે **સંખ્યાવાચક વિશેષણ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૧

નીચેનાં વાકયોમાં વપરાયેલાં વિશેષણો કયા પ્રકારનાં છે તે કહોઃ—

૧ અમે ઘણાં પંખીઓ દીઠાં.
૨ હું ત્રીજી ચોપડી ભણું છું.
૩ કાલે મહેશે થોડી કેરી લીધી.
૪ તાજમહાલ સફેદ આરસપહાણનો બનેલો છે.
૫ અકબર દયાળુ રાજા હતો.
૬ હોજમાં રંગીન માછલીઓ કૂદે છે.
૭ મુસાફરે મીઠાં ફળો ખાધાં.
૮ ખાટી દ્રાક્ષ આવી ન જોઈએ.
૯ વર્ગમાં પહેલો નંબર રાખવો જોઈએ.
૧૦ સરયુના હાથમાં લીસો પથ્થર છે.
૧૧ તે ગરીબ બાળક દોડે છે.
૧૨ ઘેટું ઊંચી વાડ પાસે ઊભું છે.
૧૩ હાથીને બે દાંત હોય છે.
૧૪ દસમો છોકરો ઊભો થાય.
૧૫ સરઘસમાં હજારો માણસ હતાં.
૧૬ રઘુનાથ ઘણાં ઘરનો માલિક છે.
૧૭ મારા કાકા ઘણા દેશમાં ફર્યા છે.
૧૮ શરીરમાં ચોખ્ખું લોહી હોવું જોઈએ.
૧૯ મને સુગંધીદાર ફૂલ ગમે છે.
૨૦ ટેબલ પર પાંચ ગુલાબો પડ્યાં છે.

વિશેષણ–નામની આગળ અને પાછળ

૧ **લાલ** ચોપડી લાવો.
૨ કઈ ચોપડી **લાલ** છે?

પહેલા વાક્યમાં **લાલ** એ વિશેષણ નામની પહેલાં આવેલું છે.
બીજા વાક્યમાં **લાલ** એ વિશેષણ નામની પછી આવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ વિશેષણ નામની આગળ કે નામની પાછળ એમ બંને રીતે આવે છે.

વિશેષણનું વિશેષણ

૧ ગંગા બહુ લાંબી નદી છે.

૨ હિંદુસ્તાન ઘણો મોટો દેશ છે.

ગંગા કેવી નદી છે ? **એ લાંબી નદી છે.**

લાંબી એ વિશેષણ નદીના અર્થમાં વધારો કરે છે. એ કેટલી લાંબી છે તે કયા શબ્દથી જણાય છે ? **બહુ** એ શબ્દથી. ત્યારે, **બહુ** એ શબ્દ કોના અર્થમાં વધારો કરે છે ?—**લાંબી** એ વિશેષણના અર્થમાં.

તેથી **બહુ** એ અહીં વિશેષણનું વિશેષણ છે. **બહુ** એ શબ્દ આપણે નદી સાથે લઈ શકીએ નહિ, કારણકે **ગંગા બહુ નદી છે** એમ આપણે બોલીએ તો તેનો અર્થ સમજાતો નથી.

તેવી રીતે, બીજા વાક્યમાં **ઘણો** એ વિશેષણ કોના અર્થમાં વધારો કરે છે ?—**મોટો** એ વિશેષણના અર્થમાં. તેથી **ઘણો** એ વિશેષણનું વિશેષણ છે.

આ ઉપરથી જણાશે કે વાક્યમાં વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે, તેમજ કોઈ વિશેષણની આગળ આવી તે વિશેષણના અર્થમાં પણ વધારો કરે છે.

મનોયત્ન : ૨૨

નીચેનાં વાક્યોમાં કયાં વિશેષણો નામની આગળ કે પાછળ છે તે કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ તાજમહાલ સુંદર છે.
૨ આ સુંદર વસ્તુ જુઓ.
૩ ટેબલ પર પડેલું ફૂલ રાતું છે.
૪ સીતાએ ધોળાં ફૂલો વેણીમાં ગૂંથ્યાં છે.
૫ પ્રતાપ બહાદુર રાજા હતો.
૬ સતીશ હોશિયાર છે.
૭ મૂરખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો.
૮ અશોક પ્રેમાળ હતો.
૯ ચકચકતા તારાઓ આકાશમાં ઝબૂકે છે.
૧૦ મારી પેન્સિલ રાતી છે.

મનોયત્ન : ૨૩

નીચે આપેલાં વિશેષણ નામ પહેલાં અને નામ પછી વાપરીને વાક્યો બનાવો.

ઊંચો	ભોળું	બાહોશ
ઠંડું	દુઃખી	શાણો
લીસો	ગરીબ	વિશ્વાસુ
કોમળ	શૂરવીર	ભાંગેલું
રંગીન	બરાબ	ઉદ્યોગી

મનોયત્ન : ૨૪

નીચે આપેલાં નામ તથા વિશેષણનો ઉપયોગ કરી મોરનું વર્ણન કરો:—

નામ	વિશેષણ
પીછાં	રંગબેરંગી
ડોક	લાંબી
કલગી	ભૂરી
સ્વર	તીણો
કળા	સુંદર
નૃત્ય	મોહક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૫

નીચેનાં વાક્યોમાંથી વિશેષણનું વિશેષણ શોધી કાઢોઃ—

૧ અમે બૂબ પહોળી ખાડી જોઈ.
૨ મારું ઘર ઘણું સાંકડું છે.
૩ આ બહુ સાંકડો રસ્તો છે.
૪ પેલા તપેલામાં ઘણું ઊનું પાણી છે.
૫ આ અતિશય ગળી મીઠાઈ છે.
૬ પેલી નદી બહુ વાંકી છે.
૭ આ ઝુરશી અતિ ઊંચી છે.
૮ પેલું ટેબલ ઘણું નાનું કહેવાય.
૯ પ્રાણીઓમાં હાથી બહુ મોટું પ્રાણી છે.
૧૦ વાઘ અતિશય ક્રૂર પ્રાણી છે.

પ્રકરણ ૭

ક્રિયાવિશેષણ

૧ મગન દોડે છે.

૧ રમેશ ધીમે દોડે છે.

પહેલું વાક્ય વાંચીને કહો :—

મગન કેવી રીતે દોડે છે?—એ એમાં જણાવ્યું નથી.

બીજું વાક્ય વાંચો અને કહો :—

રમેશ કેવી રીતે દોડે છે?—**ધીમેથી.**

ત્યારે, **ધીમેથી** એ શબ્દ કોને વિશે વધારે હકીકત કહે છે?—**દોડે છે** એ ક્રિયાપદને વિશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ હરિ ઝડપથી દોડે છે.

૨ મહિમ વહેલો આવ્યો.

૩ અચલા ધીમી ચાલી.

આ દરેક વાક્યમાં કયો શબ્દ ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે ?

ઝડપથી એ દોડે છે ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

વહેલો એ **આવ્યો** ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

ધીમી એ **ચાલી** ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

આ ઉપરથી જણાશે કે **ધીમેથી, ઝડપથી, વહેલો** અને **ધીમા** એ પદો ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

ક્રિયાપદના અર્થમાં વધારો કરનારા આવા શબ્દો **ક્રિયા-વિશેષણ** કહેવાય છે.

ક્રિયાવિશેષણ શું શું બતાવે ?

ક્રિયાવિશેષણ ક્રિયાના અર્થમાં જુદી જુદી રીતે વધારો કરે છે, તે નીચેના દાખલા પરથી સમજાશે :

૧ હરણ **ઉતાવળે** દોડે છે. (**કેવી રીતે** દોડે છે તે બતાવે છે.)

૨ **હમણા** બજારમાં જઓ. (**જવાનો વખત** બતાવે છે.)

૩ તમે **અહીં** આવો. (**આવવાનું સ્થળ** બતાવે છે.)

૪ તમારા મિત્રો **કેમ** ન આવ્યા ? (**કારણ** બતાવે છે.)

મનોયત્ન : ૨૬

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધો, અને તે શો અર્થ બતાવે છે તે કહોઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ તમે ત્યાં ક્યારે આવશો ?
૨ અહીં ઊભા રહો.
૩ કદી જૂઠું બોલશો નહિ.
૪ અત્યારેજ ત્યાં દોડી જાવ.
૫ ધીમે ધીમે વાંચો.
૬ તમે કયાં જાઓ છો ?
૭ અત્યારે બોલશો નહિ.
૮ વહેલા આવી રહેજો.
૯ પણે દોડી જાઓ.
૧૦ નીચે ઊતરો.

પ્રકરણ ૮

ઉભયાન્વયી પદ



મહેશ ફૂતરાને પૂર્વ તરફ ખેંચે છે.

હરિ પણ ફૂતરાને પૂર્વ તરફ ખેંચે છે.

ઉપરની વાત નીચે પ્રમાણે એક વાક્યમાં લખી શકાય :—

મહેશ **અને** હરિ ફૂતરાને પૂર્વ તરફ ખેંચે છે. (મહેશ + હરિ)

ઉપરના વાક્યમાં, **અને** એ શબ્દ મહેશ અને હરિ એ પદો વચ્ચેનો સંબંધ બતાવવા તેમને જોડે છે. હવે નીચેનું વાક્ય વાંચો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામે ભરતને ગાદી આપી અને લક્ષ્મણ સાથે વનમાં ગયા.

(રામે ભરતને ગાદી આપી) **અને** (લક્ષ્મણ સાથે વનમાં ગયા.)

ઉપલા વાક્યમાં **અને** એ પદ કયાં બે વાક્યોને જોડવાનું કાર્ય કરે છે ? (૧) રામે ભરતને ગાદી આપી (૨) લક્ષ્મણ સાથે વનમાં ગયા : એ બે વાક્યોને **અને** એ પદ જોડે છે.

કોઈ પણ **બે પદને** અથવા **બે વાક્યને** જોડનાર શબ્દને **ઉભયાન્વયી પદ** કહે છે.

[ઉભય એટલે બંને, અને અન્વય એટલે સંબંધ. ઉભયાન્વયી એટલે બંને સાથે સંબંધ રાખનાર.]



મહેશ કૂતરાને પૂર્વ તરફ ખેંચે છે.

હરિ કૂતરાને પશ્ચિમ તરફ ખેંચે છે.

ઉપરનાં બંને વાક્યોમાંની ક્રિયા વિરૂદ્ધ દિશામાં થાય છે એમ કહ્યું છે. એ બંને વાક્યોને એક વાક્યમાં નીચે પ્રમાણે લખી શકાયઃ

મહેશ કૂતરાને પૂર્વ તરફ ખેંચે છે **પણ** હરિ પશ્ચિમ તરફ ખેંચે છે.

←|→

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બંને વાક્યોને કયા પદથી જોડ્યાં છે?—**પણ** એ પદથી.

આવી રીતે એકબીજાંથી વિરુદ્ધ હકીકત કહેનારાં વાક્યો **પણ** એ પદથી જોડાય છે.

પંખી આકાશમાં ઊડી શકે છે.

બચ્ચાંઓ ઊડી શકતાં નથી.

ઉપરનાં બે વાક્યોમાં કયા શબ્દો એકમેકથી વિરુદ્ધ હકીકત કહે છે?—ઊડી શકે છે—ઊડી શકતાં નથી. ત્યારે, એ બે વાક્યોને કયા શબ્દથી જોડી શકાય?—**પણ** એ શબ્દથી, જમકેઃ

પંખી આકાશમાં ઊડી શકે છે **પણ** બચ્ચાંઓ ઊડી શકતાં નથી. ←|→

પણ એ બંને વાક્યોને જોડે છે, તેથી એ ઉભયાન્વયી પદ છે.

કેટલાંક ઉભયાન્વયી પદો

૧ મારો ભાઈ **તથા** મારી બેન કાલે આવશે. (તથા=અને)

૨ સવારે કે સાંજે હું તમને મળીશ. } **કે, અથવા** (ગમે
૩ વાંચવા બેસો **અથવા** રમવા જાઓ. } તે એક)ના અર્થમાં

૪ હું ગાડી ચૂક્યો **કારણકે** મને મોડું થયું. (કારણના અર્થમાં)

૫ તેણે બરાબર વાંચ્યું, **તેથી** તે ઉપલે નંબરે પાસ થયો.
(**તેથી** અનુમાન બતાવે છે)

ઉપલાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં બધાં પદો **ઉભયાન્વયી પદો છે.** એ કયા બે શબ્દોને, કયાં બે શબ્દજૂથને કે કયાં બે વાક્યોને જોડવાનું કાર્ય કરે છે, તેનો અભ્યાસ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૭

ઉભયાન્વયી પદો શોધી કાઢો :—

૧ તમે મારે ત્યાં આવજો અથવા હું તમારે ત્યાં આવીશ.
૨ ગાય અને બળદ માણસને બહુ ઉપયોગી પ્રાણી છે.
૩ મારી પાસે એક ઘડિયાળ છે, અને તેને હું રોજ ચાવી આપું છું.
૪ શાહી, કાગળ તથા કલમ લાવો.
૫ તે પરીક્ષામાં બેઠો નહિ, કારણકે તે માંદો હતો.
૬ તે ખૂબ રમ્યો, તેથી થાકી ગયો.
૭ તે મને મળવા આવ્યો હતો, પણ હું ઘરમાં ન હતો.
૮ રામ સૂરત અને નવસારી જઈ આવ્યો છે.
૯ આજે તાપ બહુ પડે છે, તેથી અમે બહાર જઈશું નહિ.
૧૦ અહીં બેસો અથવા ત્યાં બેસો, પણ ઊભા રહો નહિ.

મનોયત્ન : ૨૮

ઉભયાન્વયી પદો મૂકો :—

૧ ચીનની બાસ બૂબી તો ત્યાંનાં રેશમી વસ્ત્રો—ચીનાઈ માટીનાં વાસણો છે.
૨ મગન હોશિયાર—આળસુ છે.
૩ તમે દીવો લઈને જાઓ—અંધારું છે.
૪ હું તેને માન આપું છું—તે મહાન છે.
૫ વાઘ—સિંહ શિકારી પ્રાણી છે.
૬ તમે ચા પીશો—દૂધ ?
૭ તમે ઊંચા છો—તમારો ભાઈ તમારાથી ઊંચો છે.
૮ તે પડી ગયો—તે બેદરકારીથી દોડ્યો.
૯ મારો પડોશી ગરીબ છે—ઉદાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ વડને ડાળીઓ હોય છે—નારિયેળીને ડાળીઓ હોતી નથી.
૧૧ ગઈ કાલે તે માંદો હતો—સભામાં આવ્યો ન હતો.
૧૨ આજે—કાલે ગમે તે એક દિવસે મને મળજો.

પ્રકરણ ૯

નામયોગી પદ

(અથવા શબ્દયોગી પદ)





ટોપલી શેની ઉપર છે ?—**ટેબલ ઉપર.**

ત્યારે **ઉપર** એ પદ કોની સાથે વપરાયું છે ? **ટેબલ** એ પદ સાથે.

ઉપર એ પદ કયાં કયાં બે નામોની વચ્ચે સંબંધ બતાવે છે ? **ટેબલ** અને **ટોપલી** એ બે નામો વચ્ચે.

ટોપલી કોની નીચે છે ?—**ટેબલ** નીચે.

ત્યારે **નીચે** એ પદ કોની સાથે વપરાયું છે ? **ટેબલ** એ પદ સાથે.

નીચે એ પદ કયાં નામો વચ્ચે સંબંધ બતાવે છે ? **ટેબલ** અને **ટોપલી** એ બે નામો વચ્ચે.

આ રીતે જ પદ એક નામ સાથે વપરાઈ બીજા નામ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો સંબંધ બતાવે તે **નામયોગી પદ** કહેવાય છે.

નીચેનું વાક્ય વાંચો :

વડ **નીચે** ગાયો છે અને તેની **ઉપર** વાંદરો છે.

નીચે એ નામયોગી પદ ગાયો અને વડ વચ્ચેનો સંબંધ બતાવે છે.

ઉપર એ નામયોગી કયા પદની સાથે વપરાયું છે?—**તેની** એ પદની સાથે. **તેની** એ વડ માટે વપરાયેલું પદ છે એટલે તે સર્વનામ છે.

આમ નામયોગી પદ નામ ઉપરાંત સર્વનામ સાથે પણ વપરાય છે.

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામયોગી પદો છે. તે કયાં નામો કે સર્વનામો સાથે સંબંધ રાખે છે તે કહો :

૧ રામ **સાથે** લક્ષ્મણ વનમાં ગયા.
૨ ટપાલની પેટીની **અંદર** કાગળો નાંખીએ છીએ.
૩ મારે **માટે** કેરી લાવજો.
૪ બારણા **પાછળ** લાકડી પડી છે.
૫ ઘરની **આસપાસ** બગીચો છે.

મનોયત્ન : ૨૯

નામયોગી પદો શોધો :—

૧ ઝાડ ઉપર વાંદરો જોયો?
૨ મારી શાળાની આસપાસ કંપાઉન્ડ છે.
૩ બરણીની અંદર શાહી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ ટેબલ પાસે કેટલી ખુરશી છે?
૫ તમે મારી પાસે આવો.
૬ તમારા પગ નીચે ટાંકણી છે.
૭ તમારા ભાઈની સાથે તમે મારે ત્યાં આવજો.
૮ બારણા પાછળ તે સંતાઈ ગયો.
૯ તેનો ભાઈ હરિને માટે ટોપી લાવ્યો.
૧૦ તમે મેળામાં સુરેશ સાથે હતા?
૧૧ મંદિરના બારણા આગળ કોણ બેઠું છે?
૧૨ ઓરડાની વચ્ચે ટેબલને ગોઠવો.
૧૩ ચંદ્ર સાથે રાત્રે બીજું શું દેખાય છે?
૧૪ પેલા છોકરાની આસપાસ ફરી વળો.
૧૫ મૂઠીની અંદર રૂપિયો છે.

પ્રકરણ ૧૦

ઉદ્‌ગારવાચક પદ

૧ **અહો!** કેવું ચાંદરણું!
૨ **અરેરે!** તે બિચારાને માથે દુઃખના ડુંગર તૂટી પડ્યા.
૩ **હાશ!** હવે કામ પૂરું થયું.

પહેલા વાક્યમાં કયો શબ્દ આશ્ચર્યની લાગણી બતાવે છે?—**અહો!**

બીજામાં કયો શબ્દ દુઃખની લાગણી બતાવે છે?—**અરેરે!**

ત્રીજા વાક્યમાં **હાશ** એ શબ્દ કઈ લાગણી બતાવે છે?—**સંતોષની.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલા બધા શબ્દો—**અહો! અરેરે! હાશ!**—લાગણી બતાવવા વપરાયા છે, અને તે બોલનારના મોંમાથી એકાએક નીકળી પડ્યા છે. એકાએક લાગણી બતાવવા બોલી દેવાતા શબ્દો **ઉદ્‌ગાર** કહેવાય છે. વ્યાકરણમાં એને **ઉદ્‌ગારવાચક પદ** કહે છે.

પહેલું વાક્ય ફરી વાંચો અને કહો :

અહો એ શબ્દ વાક્યમાં કયા પદ સાથે સંબંધ ધરાવે છે?—કોઈ પદ સાથે સંબંધ ધરાવતો નથી. તે વાક્યથી સ્વતંત્ર રહીને પોતાનો અર્થ બતાવે છે. એજ રીતે **અરેરે** અને **હાશ** એ બે શબ્દો પણ વાક્યથી સ્વતંત્ર રહીને પોતાનો અર્થ બતાવે છે.

વાક્યમાં ઉદ્‌ગારવાચક પદ બીજા કોઈ પદ સાથે સંબંધ ન રાખતાં માત્ર સ્વતંત્ર રહી હર્ષ, શોક વગેરે લાગણીઓ દર્શાવે છે. આમ એ પદ કેવળ પ્રયોગ ખાતર વપરાતું હોવાથી **એ કેવળપ્રયોગી પદ** પણ કહેવાય છે.

થોડાં ઉદ્‌ગારવાચક પદો

વાહ! વાહવા! શાબાશ! હાશ!
શિવ શિવ! હાય હાય! હાયરે! અરે રામ! ઓ મા રે!!
ઓ બાપરે!
અહો! ઓ હો! અધધધ! અહાહા!
છી! થૂથૂ! ધિક્‌! છટ! છટછટ! છિટ! ફટ! હટ!
ચૂપ! ચૂપ!
જી! જી સાહેબ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે ! એ ! ઓ ! અરે ! અલ્યા ! અલી !

હત્તારી ! હત્ત !

મનોયત્ન : ૩૦

નીચેનાં વાકયોમાંથી ઉદ્‌ગારવાચક પદો શોધો :—

૧ અહાહા, કેવી મજાની ચાંદની !

૨ અરે, પડી જવાશે.

૩ શિવ, શિવ, આવું પાપ કરાય !

૪ અધધધ, કેટલો ઊંડો કુવો !

૫ ધિક્‌, જૂઠું બોલતાં શરમ ન આવી ?

૬ ચૂપ, જો બીજી ગાળ દીધી તો.

૭ ઓત્તારી, તું અહીં ક્યાંથી ?

૮ શાબાશ, ભારે બહાદુરી બતાવી.

૯ હાશ, હવે મારી ચિંતા મટી.

૧૦ હત્તારી, દૂધ ઢોળી નાંખ્યું કેની ?

૧૧ અરે રામ, આ ભિખારીની શી અવદશા !

૧૨ બાપરે, પેલો સાપ જોયો કે ?

૧૩ હાય, હાય, તેનો એકનો એક દીકરો મરી ગયો !

૧૪ વાહવા, સરસ રમત રમ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧

પદોની ઓળખ (પદચ્છેદ)

૧ સુથાર લાકડું વહેરે છે.

ઉપરના વાક્યમાં ત્રણ પદો વપરાયાં છે:

૧ સુથાર, ૨ લાકડું, ૩ વહેરે છે.

એ ત્રણે પદોનો એકબીજા સાથે વ્યાકરણની દૃષ્ટિએ શો સંબંધ તે નીચે પ્રમાણે લખી બતાવાય:—

સુથાર—નામ, 'વહેરે છે' એ ક્રિયાપદનો કર્તા.

લાકડું—નામ, 'વહેરે છે' એ ક્રિયાપદનું કર્મ.

વહેરે છે—સકર્મક ક્રિયાપદ, કર્તા સુથાર, કર્મ લાકડું.

૨ છોડ ઉપર સુગંધી ફૂલો ખીલ્યાં છે.

છોડ—નામ.

ઉપર—નામયોગી પદ, (અથવા શબ્દયોગી પદ).

સુગંધી—વિશેષણ, વિશેષ્ય ફૂલો.

ફૂલો—નામ, 'ખીલ્યાં છે'નો કર્તા.

ખીલ્યાં છે—ક્રિયાપદ, કર્તા ફૂલ.

૩ પંખી ઊડીને ઘર ઉપર ધીમેથી બેઠું.

પંખી—નામ, 'બેઠું' ક્રિયાપદનું કર્તા.

ઊડીને—કૃદંત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર—નામ.

ઉપર—નામયોગી પદ.

ધીમેથી—ક્રિયાવિશેષણ.

બેઠું—ક્રિયાપદ, કર્તા પંખી.

ઉપર બતાવ્યા પ્રમાણે, વાક્યોમાં વપરાયેલાં નામો, સર્વનામો, વિશેષણો, ક્રિયાવિશેષણો, ક્રિયાપદો, કૃદંતો તથા નામયોગી એ બધાં પદોનો એક બીજાં સાથેનો સંબંધ બતાવીએ તેને **પદચ્છેદ** કહે છે. પદચ્છેદ એટલે પદોને જુદાં પાડી એકબીજાંનો સંબંધ બતાવવો તે.

મનોયત્ન : ૨૪

નીચે આપેલાં વાક્યોનો પદચ્છેદ કરો :—

૧ સીતા રામ સાથે વનમાં ગયાં.
૨ તમે ઉતાવળે વાંચો છો.
૩ કેમ ઉદાસ દેખાવ છો ?
૪ મંદિરમાં મધુર ઘંટારવ થાય છે.
૫ ડહાપણ એ મોટો ગુણ છે.
૬ આમ આવો અને બેસો.
૭ તમે સાંજે આવશો ?
૮ મગન ઘેર જાય, પણ છગન અહીં બેસે.
૯ ત્રીજે માળે ચઢીને હું તેને મળવા ગયો.
૧૦ દોડતાં દોડતાં તે મારી પાસે આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨

વાક્યના વિભાગ

૧ આંબા ઉપર કોયલ બોલે છે.
૨ અરવિંદે બલૂન બનાવ્યું છે.
૩ મેં અજંટાની ગુફા જોઈ છે.
૪ મારે રાજ્ય જોઈતું નથી.
૫ આમ આવો.

ઉપરનાં વાક્યો વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ—

૧ દરેક વાક્યમાં **કોને વિશે** કહેવામાં આવ્યું છે ?
૨ દરેક વાક્યમાં **શું** કહેવામાં આવ્યું છે ?

પહેલા વાક્યમાં :

૧ **કોયલ** વિશે કહેવામાં આવ્યું છે.
૨ તેને વિશે **આંબા ઉપર બોલે છે** એ હકીકત કહેવામાં આવી છે.

આ રીતે વાક્યના બે વિભાગ થાય છે. ઉપરના દરેક વાક્યના આવા બે વિભાગો નીચે દર્શાવ્યા છે; તેનો અભ્યાસ કરોઃ—

નં.	કોને વિશે કહેવામાં આવ્યું છે?	શું કહેવામાં આવ્યું છે?
૧	કોયલ	આંબા ઉપર બોલે છે.
૨	અરવિંદે	બલૂન બનાવ્યું છે.
૩	મેં	અજંટાની ગુફા જોઈ છે.
૪	મારે	રાજ્ય જોઈતું નથી.
૫	(તમે)	આમ આવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩૨

ઉપર બતાવ્યા પ્રમાણે નીચેનાં વાક્યોના વિભાગ પાડો :—

૧ તમે ક્યાં જશો ?
૨ રમેશ કાશીમાં છે.
૩ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે.
૪ ચાણક્યે ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડ્યો.
૫ અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો.
૬ મેં તમને ઘેર જવા કહ્યું નથી.
૭ પધારો.
૮ તેણે દૂધ પીધું નહિ.
૯ તમારે આમ ઉતાવળે બોલવું નહિ.
૧૦ ફૂલ ખીલી રહ્યાં છે.

ઉદ્દેશ્ય અને વિધેય

૧ નારિયેળી બહુ ઉપયોગી ઝાડ છે.
૨ ફૂલ દેવસેવામાં વપરાય છે.
૩ મધમાખી બહુજ ઉદ્યમી હોય છે.
૪ પવનથી દીવો હોલવાયો.

ઉપરનાં વાક્યોમાં કોને વિશે કહેવામાં આવ્યું છે ?

૧ **નારિયેળી** ૨ **ફૂલ** ૩ **મધમાખી** ૪ **દીવો**

દરેક વાક્યમાં આ શબ્દોને **ઉદ્દેશી** કંઈક હકીકત કહેવામાં આવી છે.

વાક્યમાં જેને ઉદ્દેશીને કહેવામાં આવ્યું હોય તે પદ **ઉદ્દેશ્ય** કહેવાય છે.

આ રીતે **નારિયેળી, ફૂલ, મધમાખી** અને **દીવો** એ પોતપોતાના વાક્યમાં **ઉદ્દેશ્ય** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે ઉપરનાં વાક્યમાં **શું કહેવામાં આવ્યું છે?**

૧ બહુ ઉપયોગી ઝાડ છે. ૪ પવનથી હોલવાયો.

૨ દેવસેવામાં વપરાય છે.

૩ બહુજ ઉદ્યમી હોય છે.

ઉપર ચારે હકીકત અનુક્રમે દરેક વાક્યના ઉદ્દેશ્ય વિશે કહેવામાં આવેલી છે.

ઉદ્દેશ્ય વિશે જે હકીકત કહેવામાં આવી હોય તે **વિધેય** કહેવાય છે.

ત્યારે, હવે પછી,

કોને વિશે કહ્યું છે? ને બદલે ઉદ્દેશ્ય, અને

શું કહ્યું છે? ને બદલે વિધેય એ સંજ્ઞા આપણે વાપરીશું.

ઉપરનાં વાક્યોના આ નવી સંજ્ઞા પ્રમાણે વિભાગ પાડ્યા છે:—

નં.	ઉદ્દેશ્ય	વિધેય
૧	નારિયેળી	બહુ ઉપયોગી ઝાડ છે.
૨	ફૂલ	દેવસેવામાં વપરાય છે.
૩	મધમાખી	બહુજ ઉદ્યમી હોય છે.
૪	દીવો	પવનથી હોલવાયો

મનોયત્ન: ૩૩

નીચેનાં વાક્યોને ઉદ્દેશ્ય અને વિધેય એમ બે વિભાગમાં વહેંચો:—

૧ અશોક મહાન રાજા હતો.

૨ તમે અહીં કેમ ઊભા છો?

૩ સવારે દૂધ પીઓ.

૪ શરીર કસરતથી સારું રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ બ્રાહ્મણો રોજ સંધ્યા કરે છે.
૬ મેં તેને એક વાત કહી.
૭ તેણે મને એક પુસ્તક આપ્યું.
૮ અમે દરરોજ નદીએ જઈએ છીએ.
૯ ગંગાનદી પવિત્ર મનાય છે.
૧૦ હિમાલય સૌથી ઊંચો પર્વત છે.
૧૧ પીપળો પવિત્ર ઝાડ મનાય છે.
૧૨ ડાંગરને પુષ્કળ પાણી જોઈએ છે.
૧૩ ચોમાસામાં વરસાદ પડે છે.
૧૪ તમે મને ક્યારે મળશો?
૧૫ હું સાંજે તમારી રાહ જોઈશ.
૧૬ વેદ ચાર છે.
૧૭ અમે તમને કાલે બોલાવીશું.
૧૮ રાજાએ બ્રાહ્મણને દક્ષિણા આપી.
૧૯ કવિએ રાજાની કીર્તિ ગાઈ.

અભ્યાસ કરો:

૧ **મારો ભાઈ** બજારમાં ગયો.
૨ બજારમાં **ઘણા લોકો** ભેગા થયા છે.
૩ **મારી માસીની છોકરી** હોશિયાર છે.

નં	ઉદ્દેશ્ય	વિધેય
૧	મારો ભાઈ	બજારમાં ગયો.
૨	ઘણા લોકો	બજારમાં ભેગા થયા છે.
૩	મારી માસીની છોકરી	હોશિયાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩૩ અ

ઉદ્દેશ્ય અને વિધેય એમ બે ભાગ પાડો:—

૧ મારો મિત્ર સૂરત ગયો.
૨ ઘાસની સાદડી બેસવામાં સારી છે.
૩ ગામનો પટેલ ભલો માણસ છે.
૪ હિમાલયનાં શિખરો સવારે સુંદર લાગે છે.
૫ સીતાની ઢીંગલી સારી છે.

પ્રકરણ ૧૩

શબ્દગુચ્છ કે શબ્દસમૂહ

રાતું	રાતા રંગનું
ચિનાઈ	ચીની માટીમાંથી બનાવેલું
સાંજે	સાંજને વખતે
ખાટું	ખાટા સ્વાદવાળું

પહેલા ખાનામાં, જે અર્થ એક શબ્દથી બતાવાય છે તેજ અર્થ બીજા ખાનામાં શબ્દના જથ્થા વડે બતાવાયો છે; જેમકે :

રાતું = રાતા રંગનું
સાંજે = સાંજને વખતે

આ રીતે કોઈ વિચાર ફક્ત એકજ શબ્દથી બતાવાય અથવા તો બે ત્રણ શબ્દના જથ્થા વડે (એટલે શબ્દના ગુચ્છ કે સમૂહ વડે) પણ બતાવી શકાય.

જ્યારે શબ્દના જથ્થા વડે એક વિચાર બતાવાય, ત્યારે એ જથ્થાના શબ્દો ભેગા મળીને અર્થ બતાવે છે. જથ્થામાંના શબ્દો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા પાડી શકાય નહિ; દા. ત. : **ખાટા સ્વાદવાળું** એ શબ્દ-ગુચ્છના શબ્દોને જુદા પાડીને **ખાટા** એ શબ્દ એકલો બોલીએ અથવા **સ્વાદવાળું** એ શબ્દ એકલો બોલીએ, તો આપણે એમાંથી સાચો અર્થ સમજી શકતા નથી. એ શબ્દસમૂહનો અર્થ બરાબર સમજવા માટે આપણે **ખાટા સ્વાદવાળું** એમ બોલવું જોઈએ.

આવા શબ્દના જથ્થાને **શબ્દગુચ્છ** કે **શબ્દસમૂહ** કહે છે.

મનોયત્ન : ૩૪

નીચે આપેલા દરેક શબ્દનો અર્થ શબ્દગુચ્છ વડે બતાવો અને તેને વાક્યમાં વાપરો.

[સોનાનું=સોનાનું બનાવેલું. મારું ઘડિયાળ સોનાનું બનાવેલું છે.]

રૂપેરી	લીલું	ગામડિયો	ચોમાસામાં
રસાળ	લાકડાનું	તીખું	નાનું
કડવું	બપોરે	પુરાણું	શહેરી

મનોયત્ન : ૩૫

નીચે આપેલા દરેક શબ્દગુચ્છનો અર્થ એક શબ્દ વડે બતાવો :—

ભાંગી ગયેલું, સૂતરનું બનેલું, મીઠા સ્વાદનું, ઘરની અંદર, મોટા કદનું, ઉતાવળી ગતિથી, રેશમનું બનેલું, ભીખ માગનાર, સોનું ઘડનાર, પહેરો ભરનાર, સ્વાર્થ સાધનાર, પાપ કરનાર, ગુનો કરનાર.

પ્રકરણ ૧૪

વાક્ય પૃથક્કરણ

૧ રાજાએ પ્રધાનને બોલાવ્યો.

૨ હેમંતે કેરી ખાધી.

૩ મેં રમેશને રૂપિયો આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલાં વાક્યોને ઉદ્દેશ્ય અને વિધેય એમ બે વિભાગમાં વહેંચોઃ—

નં.	ઉદ્દેશ્ય	વિધેય
૧	રાજાએ	પ્રધાનને બોલાવ્યો.
૨	હેમંતે	કેરી આપી.
૩	મેં	રમેશને રૂપિયો આપ્યો.

પહેલું વાક્ય ફરી વાંચોઃ—

એમાં બોલાવવાની ક્રિયા કોના પર થઈ છે?—**પ્રધાન** ઉપર. ત્યારે, **પ્રધાન** એ ક્રિયાપદનું શું કહેવાય?—**કર્મ.**

આ રીતે **વિધેયમાં** કઈ કઈ વસ્તુઓ આવી છે?—(૧) **ક્રિયાપદ** અને (૨) **કર્મ.**

બીજા વાક્યમાં કર્મ શું છે?—**કેરી.**

ત્રીજા વાક્યમાં કર્મ શું છે?—**રમેશ** અને **રૂપિયો.**

ઉપલાં ત્રણ વાક્યના નીચે પ્રમાણે સવિસ્તર ભાગ પાડી શકાયઃ—

ઉદ્દેશ્ય	વિધેય	
	ક્રિયાપદ	કર્મ
રાજાએ	બોલાવ્યો	પ્રધાનને
હેમંતે	આપી	કેરી
મેં	આપ્યો	રમેશને; રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩૬

ઉપર બતાવ્યા પ્રમાણે નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કરો :—

૧ કોયલ ગીત ગાય છે.
૨ અમે પુસ્તક વાંચવા માંડ્યું.
૩ છોકરાએ દડો ઉછાળ્યો.
૪ હાથીએ ઝાડ ઉખેડી નાંખ્યું.
૫ સતીશે તોફાન કર્યું.
૬ મેં તેને પુસ્તક આપ્યું.
૭ તું ફળ ખા.
૮ કલમ લઈ આવ.
૯ તમે કેરી ખાશો ?
૧૦ મારે કેરી ખાવી નથી.

ઉદ્દેશ્યવર્ધક

૧ ઘોડો દોડે છે.
૨ **લાલ** ઘોડો દોડે છે.
૩ **રાતા રંગનો** ઘોડો દોડે છે.

પહેલા વાક્યમાં ઉદ્દેશ્ય શું છે ?—ઘોડો.

બીજા વાક્યમાં ઉદ્દેશ્ય શું છે ?—ઘોડો.

એ ઘોડો કેવો છે ?—**લાલ.**

ત્યારે ઘોડા વિશે વધારે માહિતી કયો શબ્દ આપે છે ?—**લાલ.**

એટલે **લાલ** એ શબ્દ ઘોડાના અર્થમાં વધારો કરે છે. **ઘોડો** એ **ઉદ્દેશ્ય** છે, અને **લાલ** એ શબ્દ ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરનાર શબ્દ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વાક્યમાં કયા શબ્દનો જથ્થો ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરે છે?—**રાતા રંગનો** એ શબ્દગુચ્છ.

જે શબ્દ કે શબ્દગુચ્છ ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરે તે **ઉદ્દેશ્યવર્ધક** કહેવાય છે.

[ઉદ્દેશ્યવર્ધક = ઉદ્દેશ્યનો વધારો કરનાર.]

મનોયત્ન : ૩૭

નીચેનાં વાક્યોમાંથી ઉદ્દેશ્યવર્ધક શોધો :—

૧ રાતા રંગનો પતંગ કયાં છે?
૨ બનારસી સાડી ટકાઉ હોય છે.
૩ કાપડની મિલો દિવસે દિવસે વધતી જાય છે.
૪ તમારી ટોપી ખોવાઈ ગઈ છે?
૫ મારું પુસ્તક જડતું નથી.
૬ મારા નાના ભાઈએ તેને બોલાવ્યો છે.
૭ મોટા ભાઈએ તને શું કહ્યું?
૮ ઑસ્ટ્રેલિયાનું ઊન વખણાય છે.
૯ કાશ્મીરમાં બનેલી શાલ ઉત્તમ હોય છે.
૧૦ પાંચ વર્ષની છોકરી બોલી ઊઠી.

કર્મવર્ધક

૧ હેમંતે **મીઠી** કેરી ખાધી.
૨ રમણે **પીળા રંગનો** દડો ઉછાળ્યો.

પહેલા વાક્યમાં કર્મ શું છે?—**કેરી.**
કેરીના અર્થમાં કયો શબ્દ વધારો કરે છે?—**મીઠી.**
બીજા વાક્યમાં કર્મ શું છે?—**દડો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દડાના અર્થમાં કયો શબ્દગુચ્છ વધારો કરે છે ?— **પીળા રંગનો.**

કર્મના અર્થમાં વધારો કરનાર શબ્દ કે શબ્દગુચ્છ **કર્મવર્ધક** કહેવાય છે.

મનોયત્ન : ૩૮

નીચેનાં વાક્યોમાંથી કર્મવર્ધક શોધો :—

૧ મારે ગરમ દૂધ જોઈએ છે.
૨ તું રેશમી કપડાં પહેર.
૩ તમે આપણા દેશમાં બનેલો માલ વાપરો.
૪ તમે કેટલી કેરી ખાશો ?
૫ હું પાંચ દાખલા ગણું છું.
૬ તમે પાંચમા નંબરના છોકરાને બોલાવો.
૭ મેં આજે પાંચસો પાનાનું પુસ્તક પૂરું કર્યું.
૮ લાલ રંગનું પાકીટ આપો.
૯ મારે ચાર આનાની ટિકિટ જોઈએ છે.
૧૦ તેણે રંગબેરંગી કપડાં પહેર્યાં છે.

પૃથક્કરણનો અભ્યાસ

નીચે આપેલાં વાક્યોનું પૃથક્કરણ કોષ્ટકમાં આપ્યું છે; તેનો અભ્યાસ કરો :

૧ રમણલાલના પિતાએ મોટું ઘર બંધાવ્યું.

૨ મારી પાસે બેઠેલા છોકરાએ બધી કવિતા વાંચી છે.

૩ અમે કાપડ વણવાની મિલ જોઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્દેશ્ય પક્ષ		વિધેય પક્ષ		
ઉદ્દેશ્યવર્ધક	ઉદ્દેશ્ય	કર્મવર્ધક	કર્મ	ક્રિયાપદ
રમણુલાલના	પિતાએ	મોટું	ઘર	બંધાવ્યું
મારી પાસે બેઠેલા	છોકરાએ	બધી	કવિતા	વાંચી છે.
—	અમે	કાપડ વણુવાની	મિલ	જોઈ છે.

નોંધઃ—ઉદ્દેશ્ય પક્ષમાં શું શું આવે છે અને વિધેય પક્ષમાં શું શું છે તે બરાબર ધ્યાનમાં રાખવું.

મનોયત્ન : ૩૯

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કરોઃ—

૧ મારા ભાઈએ પહેરો ભરતા સિપાઈને બોલાવ્યો.
૨ રાજાના પ્રધાને બધા લોકોને સમજાવ્યા.
૩ મેં એક નવી પેન ખરીદી છે.
૪ તારા ભાઈએ લાલ રંગના પતંગ ખરીદ્યા છે.
૫ રમણુના મિત્રોએ અમારી ભારે સેવા કરી.
૬ અમે તેમનો ઘણો આભાર માનીએ છીએ.
૭ અમે સુતરાઉ કાપડ ખરીદ્યું છે.
૮ અમે સંસ્કૃત ચોપડી વાંચીએ છીએ.
૯ તમે ઈતિહાસની ચોપડી લાવ્યા?

ક્રિયાવર્ધક કે વિધેયવર્ધક

૧ પંખીઓ સવારના પહોરમાં ઊડે છે.
૨ ચંદ્રમાં સાંજે ઊગે છે.
૩ તે બહુ ધીમેથી વાંચે છે.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં ક્રિયાપદ શું છે ?—**ઊડે છે.**

ક્યારે ઊડે છે ?—**સવારના પહોરમાં.**

ત્યારે **સવારના પહોરમાં** એ શબ્દગુચ્છ કોના અર્થમાં વધારો કરે છે ?—**ક્રિયાપદના** અર્થમાં વધારો કરે છે.

બીજા વાક્યમાં ઊગે છે એ ક્રિયાપદના અર્થમાં કયો શબ્દ વધારો કરે છે ?—**સાંજે.**

ત્રીજા વાક્યમાં ક્રિયાપદના અર્થમાં કયો શબ્દગુચ્છ વધારો કરે છે ?—**બહુ ધીમેથી.**

ક્રિયાપદના અર્થમાં વધારો કરનારા શબ્દને કે શબ્દગુચ્છને **ક્રિયાવર્ધક** (કે વિધેયવર્ધક) કહે છે.

અભ્યાસ કરો :

૧ તમે ક્યારે જશો ?
૨ હમણા રામ કેમ આવ્યો છે ?
૩ આંબા ઉપર કેરી ઝૂકે છે.
૪ પગમાં ઠેસ વાગી.
૫ ગયે વર્ષે ટાઢ પડી હતી.
૬ રમેશે લાકડી વતી કૂતરાને માર્યો.
ઉપર મોટા અક્ષરે છાપેલા શબ્દ કે શબ્દગુચ્છો ક્રિયાવર્ધક છે.

મનોયત્ન : ૪૦

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવર્ધક શોધી કાઢો :—
૧ સવારમાં અમે નદીએ જઈએ છીએ.
૨ પેલા ઝાડ ઉપર કેટલાં બધાં બોર છે ?
૩ તમે ગામથી ક્યારે આવ્યા ?
૪ તેણે વાઘને બંદૂક વડે માર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ વાડ કૂદતાં, પગમાં કાંટો વાગ્યો.
૬ આવતી કાલે તમે જલદી આવજો.
૭ હું તમને કાલે એક સરસ પુસ્તક બતાવીશ.
૮ બધા છોકરાઓ ઝાડ ઉપર ચઢ્યા.
૯ અમે હોડીમાં બેસીને નદી ઓળંગી.
૧૦ સાંજે પવન ખૂબ વાતો હતો.

મનોયત્ન : ૪૦ અ

મનોયત્ન ૪૦નાં વાક્યોમાંથી ઉદ્દેશ્યવર્ધક અને કર્મવર્ધક શોધો :

ક્રિયાપૂરક

૧ રામ દોડે છે.
૨ પંખી ઊડે છે.

ઉપરના પહેલા વાક્યનો અર્થ પૂરેપૂરો સમજાય છે, કારણ કે **દોડે છે** એ ક્રિયાપદ **રામ** વિશે પૂરેપૂરી હકીકત કહે છે.

બીજા વાક્યમાં કયું ક્રિયાપદ પંખી વિશે પૂરો અર્થ કહે છે ? —**ઊડે છે.**

હવે નીચેનાં વાક્યો વાંચો :

૧ રામ થશે. ૨ રામ ડૉક્ટર થશે.

આ બે વાક્યમાં કયું વાક્ય પૂરા અર્થવાળું છે ?—બીજું વાક્ય, કારણકે તેમાં રામ વિશે ક્રિયાપદ પૂરેપૂરી હકીકત કહે છે.

પહેલા વાક્યમાં રામ શું થશે તે સમજાતું નથી, તેથી તે વાક્ય અધૂરા અર્થવાળું છે.

પહેલા વાક્યનું **થશે** એ ક્રિયાપદ રામ વિશે પૂરો અર્થ કહી શકતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયા શબ્દની મદદ વડે એજ ક્રિયાપદ બીજા વાક્યમાં રામ વિશે પૂરો અર્થ કહી શકે છે? **ડૉક્ટર** એ શબ્દની મદદ વડે. નીચેનાં વાક્યો વાંચો :

૧ રામ છે. ૨ રામ ડાહ્યો છે.

પહેલા વાક્યમાં છે એ ક્રિયાપદ **રામ** એ ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહી શકે છે?—**ના.**

બીજા વાક્યમાં કયા શબ્દની મદદ વડે એજ ક્રિયાપદ ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહી શકે છે?—**ડાહ્યો.**

આ ઉપરથી માલૂમ પડે છે કે કેટલાંક ક્રિયાપદોને ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ જણાવવા બીજા શબ્દની મદદ લેવી પડે છે.

ક્રિયાપદના ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહેવામાં ક્રિયાપદને મદદ કરનાર પદ **ક્રિયાપૂરક** કહેવાય છે.

અભ્યાસ :

નીચેનાં વાક્યોમાં ક્રિયાપૂરકો મોટે અક્ષરે છાપ્યાં છે; તેનો અભ્યાસ કરો :—

૧ તે **માંદો** દેખાય છે.
૨ નારંગી **ઉત્તમ** ફળ છે.
૩ તે છેવટે **સેનાપતિ** થયો.
૪ તમે **આનંદી** દેખાવ છો.
૫ તે છેવટે **વિજયી** થશે.
૬ પ્રેમાનંદ ગુરુની કૃપાથી **કવિ** થયા.
૭ આ છોકરો **મહાન** નીવડશે.

નોંધ:—ક્રિયાપૂરક તરીકે **વિશેષણ** તથા **નામ** બંને આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ-ક્રિયાપૂરક અને કર્મ વચ્ચે તફાવત

૧ રામે ચોપડી વાંચી.

૨ અકબર રાજા હતો.

રામે શું વાંચી ?—ચોપડી.

ચોપડી એ ક્રિયાપદનું શું કહેવાય ?—કર્મ.

ચોપડી અને **રામ** એ એકજ વસ્તુ છે કે જુદી જુદી ?—જુદી જુદી છે.

આ ઉપરથી સમજશે કે ઉદ્દેશ્ય અને કર્મ એકબીજાંથી જુદી જુદી વસ્તુઓ હોય છે.

હવે બીજું વાક્ય વાંચો :

અકબર શું હતો ?—**રાજા.**

અહીં **રાજા** એ પદ **હતો** એ ક્રિયાપદનું કર્મ હોય એમ લાગે છે. હવે તપાસો :

રાજા અને અકબર એ બે જુદા જુદા માણસો છે કે એક જ ? એ બંને નામો એકજ માણસને માટે વપરાયાં છે. **અકબર તેજ રાજા.**

અકબર એ ઉદ્દેશ્યને વિશે પૂરો અર્થ કહેવામાં ક્રિયાપદને **રાજા** એ પદ મદદ કરે છે. રાજા એ નામ અકબરને ઉદ્દેશીનેજ વપરાયું છે. **રાજા** અને **અકબર** એ બંને નામ એક જ પુરુષને માટે વપરાયાં છે. આ ઉપરથી જણાશે કે ઉદ્દેશ્ય અને નામ-ક્રિયાપૂરક બંને એક જ વસ્તુ સંબંધે વપરાય છે, પરંતુ કર્મ અને ઉદ્દેશ્ય બંને એકબીજાંથી ભિન્ન વસ્તુઓ હોય છે.

મનોયત્ન :

નીચેનાં વાક્યોમાંથી કર્મ અને ક્રિયાપૂરક ઓળખો :

૧ તમે ફળ ખાશો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ અમે નિરાશ થશું નહિ.
૩ તમે થાકેલા દેખાવ છો.
૪ તમે વાર્તા કહેશો ?
૫ મોહને મને આમંત્રણ આપ્યું છે.
૬ આ કેરી સારી નીવડી નહિ.
૭ તારો ભાઈ ઈજનેર થશે.
૮ અમે ચાહ પીતા નથી.
૯ મગન ગભરાયલો દેખાયો.

પૃથક્કરણનો અભ્યાસ

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કર્યું છે; તેનો અભ્યાસ કરો:—

૧ સવારના પહોરમાં, બાગનાં પંખીઓ મધુર ગીત ગાય છે.
૨ મારો ભાઈ વકીલ થશે.
૩ નિશાળનાં બાળકો મેદાનમાં રમત રમે છે.
૪ મેં સવારે મારો પાઠ વાંચ્યો હતો.
૫ રમત પૂરી કરીને અમે ઘેર ગયાં.

ઉદ્દેશ્ય પક્ષ		વિધેય પક્ષ				
ઉદ્દેશ્યવર્ધક	ઉદ્દેશ્ય	કર્મવર્ધક	કર્મ	ક્રિયાપૂરક	ક્રિયાવર્ધક	ક્રિયાપદ
બાગનાં	પંખીઓ	મધુર	ગીત	—	સવારના પહોરમાં	ગાય છે
મારો	ભાઈ	—	—	વકીલ	—	થશે
નિશાળનાં	બાળકો	—	રમત	—	મેદાનમાં	રમે છે
—	મેં	મારો	પાઠ	—	સવારે	વાંચ્યો હતો
—	અમે	—	—	—	રમત પૂરી કરીને; ઘેર	ગયાં

મનોયત્ન : ૪૨

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કરો:

૧ વરસાદના દિવસોમાં બાળકો કાગળની હોડી બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ દિવાળીના દિવસોમાં નિશાળમાં રજા પડે છે.
૩ રાજાએ પ્રધાનને ઈનામ આપ્યું.
૪ સર જમશેદજી તાતા ૧૮૩૦ ની સાલમાં, નવસારીમાં જન્મ્યા હતા.
૫ રાત્રે આકાશમાં ચળકતા તારાઓ જોયા છે?
૬ ગંગા નદી હિમાલયમાંથી વહે છે.
૭ મારા કાકાનો દીકરો ડૉક્ટર થયો.
૮ ગામના લોકો નવાં કપડાં પહેરીને મેળામાં જતા હતા.
૯ પરીના મહેલમાં સોનાનો હીંચકો હતો.
૧૦ ખેડૂતો ખેડેલા ક્યારામાં ડાંગર રોપે છે.

લેખન

પ્રકરણ ૧૫

મિત્રને પત્ર

ગોપીપૂરા, સૂરત,
૩૧ માર્ચ, ૧૯૩૯.

પ્રિય ભાઈ સુમંત,

આવતા રવિવારે મારી વરસગાંઠ છે. તે દિવસે તું મારે ત્યાં જમે એવી પૂ. બાની અને મારી ઇચ્છા છે. રવિવારે નવ વાગે તું જરૂર આવી રહેજે. તારા આવવાથી અમને બધાંને ખૂબ આનંદ થશે.

લિ. તારો,
અરવિંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રીતમનગર,
અમદાવાદ,
૫-૨-૩૯.

પ્રિય ગીતા,

આવતી રજા દરમ્યાન મુંબઈમાં સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન ભરાવાનું છે એમ તારા પત્રથી જાણ્યું.

મને પંદરમી તારીખથી રજા પડશે. આ વખતે મેં કાકાને ત્યાં જવાનો વિચાર રાખ્યો નથી. આ રજાના દિવસોમાં હું તારે ત્યાંજ આવીશ, જેથી પ્રદર્શન તથા મુંબાઈની આસપાસ આવેલાં સ્થળો જોવાનો લાભ મળે.

હું ધારું છું કે આપણને આ વખતે ખૂબ મઝા પડશે. હું મારો કૅમેરા સાથે લેતી આવીશ.

લિ.
વાસંતી

ઉપરના બંને પત્રો વાંચો અને પત્રની રચના કે ગોઠવણી વિશે નીચે આપેલા પ્રશ્નો પર વિચાર કરોઃ—

૧ લખનારનું ઠેકાણું પત્રને કયે ખૂણે અને કઈ રીતે લખ્યું છે?

૨ પત્ર લખ્યાની તારીખ કેવી રીતે આપી છે?

૩ જેને પત્ર લખ્યો હોય તેને કેવી રીતે સંબોધન કર્યું છે, અને પત્રને કયે ખૂણે અને પત્રની કોરથી કેટલે અંતરે લખ્યું છે?

૪ લખનાર પત્રને કેવી રીતે પૂરો કરે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરનામું



મનોયત્ન : ૪૩

નીચે જણાવેલા પત્રો લખો :—

૧ મુંબાઈ રહેતા તમારા મિત્ર પાસે તમારે જોઈતી વસ્તુ મંગાવો.

૨ દિવાળીની રજા દરમ્યાન તમારી સાથે રહેવા આવવાનું તમારા મિત્રને નિમંત્રણ આપો.

૩ તમારી બેનપણી માંદી છે. તેની તબિયતના સમાચાર પૂછાવો.

૪ તમારી શાળાનો બાગ તમે બનાવવા માંડ્યો છે. તે કામમાં તમને કેવી મઝા પડે છે તે વિશે તમારા મિત્રને લખો.

૫ તમારા મિત્રને તેની પરીક્ષાના પ્રશ્ન–પત્રો તમારા ઉપયોગ માટે મોકલવા લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકાલય
પુસ્તક કાંગડી

પ્રકરણ ૧૬

શબ્દ અભ્યાસ

ભાઈબંધ શબ્દો (સમાન અર્થ શબ્દો)

નીચે અ અને બ ખાનામાં દરેક શબ્દની સામે તેજ અર્થનો બીજો ભાઈબંધ શબ્દ આપ્યો છે; તેનો અભ્યાસ કરો:

અ	બ
પાણી	જળ
પાંદડું	પાન
છોકરું	બાળક

મનોયત્ન: ૪૪

ઉપર બતાવ્યા પ્રમાણે નીચે અ માં આપેલા દરેક શબ્દની સામે તેજ અર્થનો ભાઈબંધ શબ્દ નીચે બ માં આપેલી યાદીમાંથી મૂકો:

અ મોઢું, રાતું, દૂધ, ભાઈબંધ, આઘું, ઝાડ, રસ્તો, પ્રભુ, મા, બાપ, શત્રુ, માથું, આરસી, પેન્સિલ.

બ માતા, પિતા, દર્પણ, શિર, દુશ્મન, મોં, લાલ, માર્ગ, તરુ, પય, મિત્ર, દૂર, ઈશ્વર, સીસાપેન.

મનોયત્ન: ૪૫

તમારા પાઠમાંથી આવી રીતે ભાઈબંધ શબ્દોની જોડી બનાવો.

વિરોધી શબ્દો

નીચે અ અને બ ખાનામાં દરેક શબ્દની સામે તેનાથી વિરૂદ્ધ અર્થનો શબ્દ આપ્યો છે. એ વિરોધી શબ્દોનો અભ્યાસ કરો:

અ	બ
આનંદી	દિલગીર
મિત્ર	શત્રુ
એક	અનેક
ગુણ	અવગુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૪૬

અ માં આપેલા દરેક શબ્દની સામે તેનાથી વિરૂદ્ધ અર્થનો શબ્દ બ માંથી શોધીને મૂકો:

અ ધર્મ, માન, કાળું, બેડોળ, બહાદુર, ગરીબ, ઉદાર, લાભ, ધનવાન, ઠંડું, મીઠું.

બ ગરમ, વિદ્વાન, કડવું, અધર્મ, ધોળું, બાયલો, સુંદર, ધનવાન, નુકસાન, અપમાન, કંજૂસ.

વિશેષણનું સંબંધી નામ

૧ તે **હોશિયાર** છોકરો છે. ૧ રામ **મહેનતુ** છે.

૨ તેનામાં **હોશિયારી** છે. ૨ રામ **મહેનત** કરે છે.

પહેલા વાક્યમાં **હોશિયાર** એ **વિશેષણ** છે; અને બીજા વાક્યમાં **હોશિયારી** એ તેજ વિશેષણ ઉપરથી બનેલું ગુણનું નામ છે.

એજ રીતે **મહેનત** એ **મહેનતુ** વિશેષણનું સંબંધી નામ છે.

મનોયત્ન : ૪૭

ઉપર બતાવ્યા પ્રમાણે નીચે આપેલાં વિશેષણનું નામ બનાવો:

ભલો, ડાહ્યો, પરાક્રમી, તીખું, ગળ્યું, ગાંડો. આળસુ, ઉદ્યમી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૪૮

નીચે આપેલા ગુણના નામનું સંબંધી વિશેષણ બનાવો :

કડવાશ, તૂરાશ, જૂઠાણું, વફાદારી, સુંદરતા, બહાદુરી, ઊંચાઈ, ઊંડાઈ, રતાશ, ચળકાટ.

મનોયત્ન : ૪૯

તમારા પાઠમાં આવતાં વિશેષણો ઉપરથી ગુણનાં નામ બનાવો.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

અથ

એક
ગુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GUJARATI GRAMMER & COMPOSITION, Book 1
by R. D. Desai, M. A., B. T. & J. U. Mehta, B. A., B. T.
Price : 4 as.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar